ગણપતિ બાપ્પા મોર્યા

# પાક્કો ગુજરાત



ગણેશ ચતુર્થીની હાર્દિક શુભકામનાઓ

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 14-09-2026 I VOL : 12 I Issue : 179 I Page : 8 I Price : 1.00/-


RNI:- GUJGUJ/2016/67425

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  સરકારી દાવો કે મરણતોલ બેદરકારી? વર્ષોથી ધડાધડ તૂટતાં સ્ટ્રક્ચર્સ અને...

4  'યુવા હવે સરકાર ભરોસે નથી રહેતો': નાણાં મંત્રી નિર્મલા

6  'હિંસા નહીં, કાશ્મીરની સુંદરતા બતાવો'... AR રહેમાને ફિલ્મમેકર્સને...

7  ભારત જુનિયર વુમન્સ એશિયા કપની ફાઇનલમાં:સુપ્રિયાની...

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈમાં મોટી જાહેરાત કરી

# 2029 પહેલાં ભાજપ શાસિત 21 રાજ્યોમાં UCC લાગુ કરવાનો પ્રયાસ, કેન્દ્ર સરકારની મોટી જાહેરાત

નવી દિલ્હી


દેશમાં કાયદાકીય એકરૂપતા લાવવાના ઉદ્દેશ સાથે ભારતીય જનતા પાર્ટી અને એનડીએ શાસિત 21 રાજ્યોમાં વર્ષ 2029 પહેલાં સમાન નાગરિક સંહિતા (UCC ) લાગુ કરવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈ ખાતે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. હાલમાં દેશના કેટલાક રાજ્યોમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની દિશામાં મહત્વના પગલાં ભરીને કાયદાકીય અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ સફળતાને આગળ ધપાવતાં હવે ભાજપ અને તેના સહયોગી પક્ષોની સરકાર ધરાવતા તમામ 21 રાજ્યોમાં આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલાં તબક્કાવાર રીતે યુસીસી લાગુ કરવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે.

સમાન નાગરિક સંહિતાનો મુખ્ય હેતુ ધર્મ કે જાતિના ભેદભાવ વગર તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ મિલકત અને ભરણપોષણ જેવા અંગત કાયદાઓમાં સમાન નિયમો સ્થાપિત કરવાનો છે. કેન્દ્ર સરકારનું માનવું છે કે બંધારણીય મૂલ્યો અને સમાન અધિકારોનું રક્ષણ કરવા માટે દેશભરમાં આવા સુધારા અત્યંત અનિવાર્ય છે. વધુમાં અમિત શાહે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 25 વર્ષની જાહેર સેવા પૂર્ણ થવાના અવસર પર 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી દેશભરમાં એક મહિના સુધી ચાલનાર 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવશે. આ અભિયાન દરેક જિલ્લા, લોકસભા અને વિધાનસભા ક્ષેત્રની સાથે-સાથે દરેક મતદાન કેન્દ્ર સુધી પહોંચશે. શાહે કહ્યું કે આ અભિયાનમાં સંપૂર્ણ NDA ગઠબંધન, સ્વયંસેવી સંગઠનો અને દેશભરના લોકો ભાગ લેશે. અભિયાનની શરૂઆત 17 સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીના જન્મદિવસ પર થશે. જ્યારે, 6 ઓક્ટોબર 2026ના રોજ મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે સંયુક્ત રૂપે તેમના કાર્યકાળના 25 વર્ષ પૂર્ણ થશે.




## એક નજર...

### પલક તિવારીનો રોયલ એથનિક લુક



25 વર્ષીય પલક તિવારી હંમેશા પોતાના ફેશનેબલ આઉટફિટ્સ માટે ચર્ચામાં રહે છે. ચાહકોને જ્યારે પણ તેનું નામ આવે છે ત્યારે તેમને તેના સ્ટાઈલિશ લુક્સની યાદ આવે છે. હવે, તેની લેટેસ્ટ તસવીરો સાથે પલક તિવારી સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે. પલક તિવારી ફરી એકવાર પોતાના તાજેતરના ફોટાઓ સાથે ચર્ચામાં આવી છે.

## NEWS TRACK

### ઈરાન યુદ્ધ ભારે પડ્યું, ટ્રમ્પ ટેન્શનમાં આવી ગયા, ડીઝલ મોંઘું થતાં આખો ખેલ બગડ્યો!

અમેરિકામાં સતત વધી રહેલી મોંઘવારી અને ડીઝલના રેકોર્ડબ્રેક ભાવ વધારાને કારણે દેશના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક ઇંધણ પુરવઠા પર માઠી અસર પડી છે, જેનાથી અમેરિકન અર્થતંત્ર પર ગંભીર દબાણ સર્જાયું છે. મોંઘવારી અને આર્થિક આંકડાઓનું વધતું દબાણ શ્રમ વિભાગના તાજેતરના આંકડાઓ મુજબ, અમેરિકામાં મોંઘવારી ઊંચા સ્તરે યથાવત છે. ઓગસ્ટ મહિનામાં ગ્રાહક ભાવાંકમાં ગત વર્ષની સરખામણીએ 3.4% નો વધારો નોંધાયો છે. જ્યારે માસિક ધોરણે જુલાઈથી ઓગસ્ટ દરમિયાન કિંમતોમાં 0.4% નો ઉછાળો આવ્યો છે, જે અગાઉના મહિનામાં 0.1% હતો. કોવિડ-19 મહામારી બાદ પહેલીવાર મોંઘવારીનું આ સ્તર યુએસ ફેડરલ રિઝર્વ માટે મોટો પડકાર બની ગયું છે અને મધ્યાવધિ ચૂંટણી નજીક હોવાથી ટ્રમ્પ પ્રશાસનની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

### હોર્મુઝના નવા એન્ટ્રી-એક્ઝિટ રુટ પર ઈરાન-ઓમાન સંમત, ટ્રમ્પની આશાઓ પર પાણી ફર્યું

મિડિલ-ઈસ્ટમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ મુદ્દે ઈરાન અને ઓમાન વચ્ચે જહાજોના આવાગમન માટે નવા એન્ટ્રી અને એક્ઝિટ રૂટ્સ પર સહમતિ સધાઈ ચૂકી છે. આ નવો રૂટ સંપૂર્ણપણે ઈરાનના પ્રાદેશિક સમુદ્રી ક્ષેત્રમાં આવશે અને ઈરાનની શરતો તથા વ્યવસ્થાઓના આધીન જ સંચાલિત થશે. જોકે, આ નવી વ્યવસ્થાથી યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) ને કોઈ ખાસ ફાયદો થવાનો નથી, કારણ કે આ સિસ્ટમ લાગુ થયા પછી પણ હોર્મુઝનો દક્ષિણ માર્ગ બંધ જ રહેશે, જ્યારે અમેરિકા લાંબા સમયથી આ માર્ગને ખોલવાની સતત માંગ કરી રહ્યું છે. સમાચાર એજન્સી તસ્નિમના અહેવાલ મુજબ, ઈરાની વાર્તાકાર દળના નજીકના સૂત્રએ જણાવ્યું છે કે બંને દેશો વચ્ચે ઓગસ્ટના અંતમાં થયેલી આખરી બેઠક બાદ ટેકનિકલ અને કૂટનીતિક ચર્ચાઓના અંતે આ સમજૂતી સધાઈ છે. હવે સોમવારે ઓમાનની રાજધાની મસ્કતમાં ખાડી તટીય દેશોના વિદેશ મંત્રીઓની એક મહત્ત્વપૂર્ણ બેઠક મળવા જઈ રહી છે.

## ચૂંટણીમાં ડીપફેક વીડિયો ફેલાવશો તો થશે કાર્યવાહી, ECનો કડક આદેશ

નવી દિલ્હી

સોશિયલ મીડિયા પર ચૂંટણી પ્રચાર દરમિયાન નકલી વીડિયો અને ડીપફેકના વધતા દુરુપયોગ સામે ચૂંટણી પંચે કડક વલણ અપનાવ્યું છે. ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે સોશિયલ મીડિયા પર આવી કોઈ પણ ગેરમાર્ગે દોરતી કે ખોટી સામગ્રી ધ્યાને આવે તો તેને 3 કલાકની અંદર હટાવી લેવી પડશે. પંચે પક્ષોને સોશિયલ મીડિયાનો ઉપયોગ પૂરી જવાબદારી સાથે કરવાની ચેતવણી પણ આપી છે. આજના સમયમાં આધુનિક ટેક્નોલોજીની મદદથી કોઈ પણ નેતાનો ચહેરો કે અવાજ બદલીને એકદમ સાચો લાગે તેવો નકલી વીડિયો તૈયાર કરી શકાય છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે આવા ડીપફેક વીડિયો અને ખોટી માહિતીથી ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા જોખમાય છે. તેથી રાજકીય પક્ષોએ મતદારોને ગેરમાર્ગે દોરતી સામગ્રી ફેલાવવાથી દૂર રહેવું પડશે.



આ કડક કાર્યવાહી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના એક કથિત ડીપફેક વીડિયો મામલે મળેલી ફરિયાદ બાદ સામે આવી છે. વકીલ રીના એન. સિંહે ચૂંટણી પંચ સમક્ષ આ વીડિયોના પ્રસારણ પર રોક લગાવવા અરજી કરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે લોકશાહીમાં રાજકીય આલોચના સ્વીકાર્ય છે, પરંતુ એઆઈ (AI) ટેક્નોલોજી દ્વારા નેતાઓની એવી ખોટી છબી ઊભી કરવી ગુનો છે.

## હવામાં ધ્રૂજી એર ઈન્ડિયાની ફ્લાઇટ! દિલ્હી પહોંચતા પહેલાં જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ

ભોપાલ

ભોપાલથી નવી દિલ્હી માટે ઉડાન ભરનારી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 1886 માં તે સમયે ભારે અફડાતફડી મચી ગઈ, જ્યારે આકાશમાં પહોંચતા જ વિમાનના એન્જિનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ. પાઈલટે હવામાં જોખમ લેવાને બદલે તાત્કાલિક સૂઝબૂઝ બતાવી અને દિલ્હી જવાને બદલે ફ્લાઈટનો રૂટ બદલીને રાજસ્થાનના જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ વાળી દીધો હતો. ભોપાલથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 1886 ને રવિવારે સવારે ટેકનિકલ ખામી બાદ જયપુર ડાયવર્ટ કરવામાં આવી હતી. પ્રારંભિક માહિતી મુજબ, એન્જિનમાં ગડબડ હોવાની જાણ થતાં પાઈલટે જયપુર એરપોર્ટ પર વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, AI 1886 એ ભોપાલના રાજા ભોજ એરપોર્ટ પરથી સવારે 8:47 વાગ્યે ઉડાન ભરી હતી (જેનો નિર્ધારિત સમય સવારે 8:25 નો હતો). આ ફ્લાઈટ સવારે 9:55 વાગ્યે દિલ્હી પહોંચવાની હતી.

## 'હું મધ્યપ્રદેશના CM પદેથી રાજીનામું આપું છું' CJPના વડા દીપકેએ પોસ્ટ કરી મચાવ્યો ખળભળાટ

બાલાઘાટ

મધ્યપ્રદેશના બાલાઘાટમાં 30થી વધુ આદિવાસી બાળકોના મોત બાદ CJPના સ્થાપક અભિજીત દીપકેએ મુખ્યમંત્રી



પદેથી વ્યંગ્યાત્મક રાજીનામું આપ્યું. તેમણે X પર પોસ્ટ કરી સરકારની નીતિઓની ટીકા કરી. દીપકેએ આરોગ્ય, શિક્ષણ અને આદિવાસીઓ પરના અત્યાચારો જેવા મુદ્દા ઉઠાવ્યા. તેમણે વળતર પર પણ સવાલ ઉઠાવ્યા. હાઈકોર્ટે પણ આ મામલે સરકાર પાસે જવાબ માંગ્યો છે. મધ્યપ્રદેશના બાલાઘાટમાં 30થી વધુ આદિવાસી બાળકોના મોત બાદ CJP (કોકરોચ જનતા પાર્ટી) ના સ્થાપક અભિજિત દીપકેએ મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી પદેથી વ્યંગ્યાત્મક રાજીનામું આપ્યું છે. તેમણે આરોગ્ય, શિક્ષણ, વીજળી અને અનુસૂચિત જનજાતિ સામેના અપરાધો જેવા મુદ્દા ઉઠાવીને સરકારની નીતિઓની આકરા શબ્દોમાં ટીકા કરી છે. કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજિત દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વિટર) પર એક પોસ્ટ કરીને સૌને ચોંકાવી દીધા હતા. તેમણે લખ્યું કે, 'હું તાત્કાલિક અસરથી મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપું છું. અંતમાં હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનું છું કે, તેમણે મને મધ્ય પ્રદેશની જનતાની સેવા કરવાનો અવસર આપ્યો.'

# વડનગરના બાળપણના મિત્રની PM મોદી પાસે ધા

## 'મારા જ ભાઈ નરેન્દ્ર, તમારી જ પાર્ટીના ધારાસભ્યએ મારી જમીન પચાવી પાડી!'

'પાક્કો ગુજરાત' એક્સક્લૂસિવ રિપોર્ટ / નવી દિલ્હી-મુંબઈ

જ્યારે સત્તાનો નશો અને ભૂમાફિયાઓની દાદાગીરી મર્યાદા વટાવી જાય, ત્યારે એક સામાન્ય નાગરિક ન્યાય માટે ક્યાં જાય? પરંતુ જ્યારે પીડિત પોતે દેશના વડાપ્રધાનનો બાળપણનો મિત્ર હોય, ત્યારે ભૂમાફિયાઓનો કાંડ સીધો PMO સુધી પહોંચી જાય છે!

મહારાષ્ટ્રના મીરા-ભાયંદર વિસ્તારમાં ભાજપના જ પૂર્વ ધારાસભ્ય અને બિલ્ડરો દ્વારા આચરવામાં આવેલા કરોડોના જમીન કૌભાંડનો પર્દાફાશ કરવા 81 વર્ષના વૃદ્ધ સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શરણે પહોંચ્યા છે.

### વડનગરની બી. એન. સ્કૂલમાં સાથે ભણતા હતા અસગર અલી!

વડનગરની બી. એન. સ્કૂલ (B.N. School Vadnagar) માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેમના વર્ગખંડમાં બેસીને ભણ્યા હતા,



તે 81 વર્ષીય અસગર અલી વોરા (બોહરા) ન્યાય માટે વર્ષોથી અટવાઈ રહ્યા હતા. આખરે ગત 8 સપ્ટેમ્બરે અસગર અલી દિલ્હી પહોંચ્યા અને પોતાના બાળપણના મિત્ર પીએમ મોદી સાથે ખાસ મુલાકાત કરી સમગ્ર કાંડની કાચી-ચિઠ્ઠી સોંપી દીધી.

### શું છે સમગ્ર જમીન કૌભાંડ અને ગંભીર આરોપો?

જમીનની ખરીદી: અસગર અલીએ વર્ષ 1989માં મહારાષ્ટ્રના ભાયંદર ઈસ્ટ (નવઘર રોડ) ખાતે 2,810 ચોરસ મીટર જમીન કાયદેસર રજિસ્ટર્ડ એગ્રીમેન્ટથી ખરીદી હતી.

બોગસ દસ્તાવેજોથી જમીન હડપ કરી: વર્ષ 2011માં મૂળ માલિકને અંધારામાં રાખીને બોગસ અને નકલી કાગળો ઊભા કરવામાં આવ્યા. જમીનના બે ટુકડા પાડી દેવાયા.

BJP MLA નું નામ ઉછળ્યું: જમીનના એક ભાગ પર 'સ્વયં બિલ્ડર્સ' અને બીજા ભાગ પર ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર મહેતા સાથે સંકળાયેલી 'સેવન ઈલેવન કન્સ્ટ્રક્શન્સ (Seven Eleven Constructions)' કંપનીએ કથિત રીતે ગેરકાયદે કબજો જમાવી લીધો!

પોલીસ અને તંત્રની બેદરકારી: અસગર અલીએ 2015માં એફઆઈઆર (FIR) નોંધાવી હોવા છતાં, કથિત રાજકીય દબાણને કારણે CID રિપોર્ટ આવવામાં 11 વર્ષ જેટલો વિલંબ થયો. સ્થાનિક પાલિકા અને મહેસૂલ અધિકારીઓએ પણ કૂકડાની જેમ આંખ આડા કાન કર્યા.

### CBI તપાસની માંગ અને પીએમની મુલાકાત બાદ તંત્રમાં ફફડાટ!

અસગર અલીએ વડાપ્રધાન મોદીને રૂબરૂ મળીને પત્ર આપ્યો અને આ સમગ્ર ભૂમાફિયા કાંડ તથા ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગત સામે CBI તપાસ ની કડક માંગ કરી છે.

પીએમ મોદીએ પોતાના બાળપણના સાથીને ન્યાયની પૂરતી ખાતરી આપતાં જ સ્થાનિક તંત્રના પેટમાં તેલ રેડાયું છે. મુલાકાતના બીજા જ દિવસે મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને દોડધામ શરૂ કરી દીધી છે અને આગામી 16 સપ્ટેમ્બરે સુનાવણી રાખીને સેવન ઈલેવન કન્સ્ટ્રક્શન્સ અને સ્વયં બિલ્ડર્સના માલિકોને હાજર રહેવા કડક સમન્સ પાઠવ્યા છે.

ન્યાય માટે લડી રહેલા 81 વર્ષના વૃદ્ધે સાબિત કરી દીધું કે જ્યારે દોસ્તી અને ન્યાયનો મુદ્દો આવે ત્યારે દેશના વડાપ્રધાન પોતાના બાળપણના મિત્રની વાહારે આવે જ છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપના જ પૂર્વ ધારાસભ્ય અને કૌભાંડી બિલ્ડરો પર સીબીઆઈનો સિકંજો ક્યારે કસાય છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# રાજકોટની મારવાડી યુનિવર્સિટીના પ્રોફેસર વાજીદ અહમદ પર પત્નીના ગંભીર આક્ષેપ: હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી સંબંધ બાંધવાનો ખુલાસો

**રાજકોટ**

રાજકોટના શૈક્ષણિક વર્તુળોમાં અને સમગ્ર રાજ્યમાં હાલ એક અત્યંત ચોંકાવનારો અને વિવાદિત મામલો ભારે ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. જ્યાં વિદ્યાનું ધામ ગણાતી યુનિવર્સિટીના પ્રોફેસર પર 'પ્રેમજાળ' અને યુવતીઓને ફસાવવાના ગંભીર આક્ષેપો લાગતાં શિક્ષણ જગતની ગરિમા સામે અનેક સવાલો ઊભા થયા છે. રાજકોટની પ્રખ્યાત મારવાડી યુનિવર્સિટીમાં ફરજ બજાવતા પ્રોફેસર સૈયદ વાજીદ અહમદ સામે તેમની જ પત્ની ફરા નાઝે ખુલ્લેઆમ મોરચો માંડીને ગંભીર અને સણસણતા આક્ષેપો કર્યા છે.

પત્ની ફરા નાઝનો ચોંકાવનારો દાવો છે કે તેમના પતિ પ્રોફેસર સૈયદ વાજીદ અહમદે એક હિન્દુ યુવતીને પોતાના પ્રેમજાળમાં ફસાવીને તેની સાથે ગેરકાયદેસર સંબંધો રાખ્યા છે. આટલું જ નહીં, પત્નીએ પોતાના પતિ અને તે યુવતી વચ્ચેના અંગત ક્ષણોના ફોટોગ્રાફ્સ તથા વીડિયો પુરાવા તરીકે જાહેર કર્યા હોવાનો દાવો પણ કર્યો છે. પત્નીએ સોશિયલ મીડિયાના માધ્યમથી અન્ય યુવતીઓ અને વિદ્યાર્થીનીઓને સાવચેત રહેવાની અને આવા લોકોની ચુંગાલમાં ન ફસાવાની કરુણ અપીલ કરી છે. આ ચોંકાવનારો વીડિયો અને વિગતો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ સમગ્ર રાજ્યમાં મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

સૌથી મોટો અને વિચારવા જેવો પ્રશ્ન એ છે કે જ્યાં હજારો વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય બનાવવા આવે છે, તેવા શિક્ષણના પવિત્ર કેમ્પસમાં જ જો આ પ્રકારના વિભસ્ત આક્ષેપો ઊઠે, તો વાલીઓએ અને વિદ્યાર્થીઓએ વિશ્વાસ કોના પર રાખવો?

# અંબાજી, દ્વારકા અને સોમનાથના સરકારી સર્કિટ હાઉસનું ખાનગીકરણ: કોંગ્રેસના સરકાર પર સણસણતા સવાલો અને જનઆંદોલનની ચેતવણી!

**ગાંધીનગર**

ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામો અંબાજી, દ્વારકાજી અને સોમનાથજી ખાતે જનતાના નાણાંથી બનેલા સરકારી સર્કિટ હાઉસને ખાનગી એજન્સીને પધરાવી દેવાના ભાજપ સરકારના નિર્ણય સામે સમગ્ર રાજ્યમાં વિરોધનો વંટોળ ઊભો થયો છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રભારી રણદીપસિંહ સુરજેવાલા, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષ નેતા ડૉ. તુષાર ચૌધરીએ એક સંયુક્ત નિવેદનમાં આ નિર્ણયને ધર્મ અને આસ્થા સાથેનો સીધો વિશ્વાસઘાત ગણાવી સરકાર સામે તીખો પ્રહાર કર્યો છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે અયોધ્યામાં 'ચંદા ચોરી', કેદારનાથ ધામમાં સોનાના પડમાં ગેરરીતિ અને મહાકાલ ધામના ભ્રષ્ટાચાર બાદ હવે ભાજપ સરકારે ગુજરાતના પવિત્ર ધામોના સરકારી સર્કિટ હાઉસના 75 ટકા રૂમોને ખાનગી કમર્શિયલ બુકિંગ માટે સોંપી દીધા છે.

કરોડો રૂપિયાના ખર્ચે બનેલી અબજો રૂપિયાની સરકારી મિલકતોમાંથી 75 ટકા હિસ્સો પ્રાઈવેટ કંપનીઓને સોંપી દેવો તે આસ્થાનો વેપાર કરવા સમાન છે. જો ઓક્યુપેન્સી 25 ટકા જ હતી તો સરકારે પોતાની સિસ્ટમ સુધારવાની જરૂર હતી, નહીં કે શ્રદ્ધાળુઓ માટે બનાવેલી મિલકતોને ખાનગી નફાખોરીમાં ધકેલી દેવાની.

# અમદાવાદમાં દારૂડિયાની દાદાગીરી: રખિયાલ પોલીસ સ્ટેશન બહારથી પસાર થતી બસમાં ટલ્લી યુવકે મચાવ્યો ભારે ઉત્પાત

**અમદાવાદ**

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના ધજીયા ઉડાવતો અને લુખ્ખાગીરી પ્રદર્શન કરતો વધુ એક કિસ્સો રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદમાંથી સામે આવ્યો છે. શહેરના રખિયાલ પોલીસ સ્ટેશન સમક્ષથી પસાર થઈ રહેલી એક મુસાફર બસમાં દારૂના નશામાં ધૂત થઈને ચડેલા એક યુવકે ડ્રાઈવર, કંડક્ટર અને મુસાફરો સાથે ભારે દાદાગીરી અને બબાલ મચાવી હતી. જોકે, ડ્રાઈવર-કંડક્ટરે પણ પણ ચાલાકી વાપરીને બસ સીધી રખિયાલ પોલીસ સ્ટેશનના ગેટ આગળ જ ઊભી રાખી દીધી હતી, જ્યાં પોલીસે મિશન મોડમાં આવીને રોફ બતાવતા દારૂડિયાને બસમાંથી નીચે ઉતારી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મળતી વિગતો અનુસાર, રખિયાલ પોલીસ સ્ટેશન રોડ પરથી પસાર થઈ રહેલી બસમાં એક યુવક અતિશય દારૂના નશામાં ચડ્યો હતો. બસમાં બેઠા બાદ તેણે અન્ય મુસાફરો સાથે ગાળાગાળી અને અણછાજતું વર્તન કરવાનું શરૂ કર્યું હતું. જ્યારે બસના કંડક્ટર અને ડ્રાઈવરે તેને શાંત રહેવા અને આવી હાલતમાં બસમાંથી નીચે ઉતરી જવા માટે વિનંતી કરી, ત્યારે આ ટલ્લી યુવક વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને 'હું નીચે નહીં ઉતરું' તેમ કહીને ડ્રાઈવર-કંડક્ટર સાથે દાદાગીરી કરવા લાગ્યો હતો.

# 'આત્મહત્યા કરું છું'નો વીડિયો મોકલતાં પોલીસ દોડતી થઇ, બીજા દિવસે જંગલમાંથી મળી આવ્યા

**નર્મદા**

ભુમલીયાના 41 વર્ષીય રાજેશભાઈ તડવીએ વોટ્સએપ પર વીડિયો મોકલી 'હું આત્મહત્યા કરું છું' કહેતાં પરિવાર અને પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. નર્મદા મેઈન કેનાલ પર ગાડકોઈ ગામના બ્રિજ પાસે તેમની બાઈક અને મોબાઈલ મળી આવતા કેનાલમાં ઝેરી દવા પી આત્મહત્યા કરવા કુદી ગયાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ભુમલીયા ગામના નીશાળ ફળિયામાં રહેતા રાજેશભાઈ કંચનભાઈ તડવી (ઉં.વ.41) તા.12 સપ્ટેમ્બરે બપોરે 12થી 2 વાગ્યાના અરસામાં 'કામ પર જાઉં છું' કહી ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ તેમણે પુત્રી પાયલબેનને વોટ્સએપ પર વીડિયો મોકલી પોતે આત્મહત્યા કરવા જઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

વીડિયો મળતાં પરિવારજનો તથા સગા સંબંધીઓએ આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન નર્મદા મેઈન કેનાલ પર ગાડકોઈ ગામના બ્રિજ પાસે રાજેશભાઈની સ્પ્લેન્ડર આઈ-સ્માર્ટ મોટરસાઈકલ નં. GJ-22-J-1467 અને મોબાઈલ મળી આવ્યા હતા. જેના પગલે તેઓ કેનાલમાં ઝેરી દવા પી કૂદી ગયા હોવાની આશંકાથી પરિવારજનોમાં ચકચાર મચી હતી.

## વાઈબ્રન્ટ સમિટ અને વૈશ્વિક ઈવેન્ટને ધ્યાનમાં રાખી CMની જાહેરાત

# ગિફ્ટ સિટી કનેક્ટિવિટી અને એરપોર્ટ રોડના 48 કરોડના કામો હાથ ધરાશે...!

### ગિફ્ટ સિટી- પીડીપીયુ જંક્શનનો વિકાસ: ગિફ્ટ સિટીથી પી.ડી.પી.યુ. તરફના જંકશન અને રોડના વિકાસ માટે રૂ.7.70 કરોડ ફાળવવામાં આવશે

**ગાંધીનગર,**

ગાંધીનગર શહેર અને ગિફ્ટ સિટી તરફ વધતા ટ્રાફિક ભારણ તેમજ આગામી સમયમાં યોજાનારી વૈશ્વિક કક્ષાની ઈવેન્ટને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગાંધીનગરમાં રૂ.48.26 કરોડના નવા વિકાસ અને ટ્રાફિકલક્ષી કામોની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મહાનગરપાલિકાના વિકાસકાર્યોના કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી. નવા કામોમાં ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ પર ભાટ-કોટેશ્વર ક્રોસિંગ ખાતે અંડરપાસ, રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી-શાહપુર તરફના સાબરમતી નદી પરના બ્રિજનું મજબૂતીકરણ, ગિફ્ટ સિટીથી પી.ડી.પી.યુ. તરફના જંકશન અને રોડ ડેવલપમેન્ટ તથા રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી સર્કલ સુધી રોડ સેફ્ટી અને પેવરના કામોનો સમાવેશ થાય છે.




મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગાંધીનગર અનેક વર્લ્ડક્લાસ ઈવેન્ટનું યજમાન બનતું રહ્યું છે અને ગિફ્ટ સિટી પણ વર્લ્ડક્લાસ ફિનટેક હબ તરીકે વિકસી રહ્યું છે. આગામી વાયબ્રન્ટ સમિટ જેવી વૈશ્વિક ઈવેન્ટમાં ગાંધીનગરની વિશેષ ઓળખ ઊભી થાય તેવા આઈકોનિક અને માળખાકીય કામોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ભાટ- કોટેશ્વર ક્રોસીંગ પર અંડરપાસ: ગાંધીનગર -કોબા-એરપોર્ટ રોડ પર સતત વધતા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખીને ભાટ-કોટેશ્વર ક્રોસિંગ પર રૂ.20.76 કરોડના ખર્ચે અંડરપાસ બનાવવામાં આવશે. શાહપુર બ્રિજનું મજબૂતિકરણ: રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી-શાહપુર તરફ સાબરમતી નદી પરના બ્રિજને રૂ.12.80 કરોડના ખર્ચે મજબૂત કરવામાં આવશે. ગિફ્ટ સિટી અને શાહપુર તરફના વધતા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખીને હાલના બ્રિજની ક્ષમતા અને સલામતી જાળવવા આ કામગીરી હાથ ધરાશે. ગિફ્ટ સિટી- પીડીપીયુ જંક્શનનો વિકાસ: ગિફ્ટ સિટીથી પી.ડી.પી.યુ. તરફના જંકશન અને રોડના વિકાસ માટે રૂ.7.70 કરોડ ફાળવવામાં આવશે. જ્યારે રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી સર્કલ સુધી રોડ સેફ્ટી અને પેવરના કામો માટે રૂ.7 કરોડ ફાળવવાનો નિર્ણય કરાયો છે.ગાંધીનગર : વાઈબ્રન્ટ સમિટ અને વૈશ્વિક ઈવેન્ટને ધ્યાનમાં રાખી સીએમની જાહેરાત:ગિફ્ટ સિટી કનેક્ટિવિટી અને એરપોર્ટ રોડના 48 કરોડના કામો હાથ ધરાશે ગાંધીનગર શહેર અને ગિફ્ટ સિટી તરફ વધતા ટ્રાફિક ભારણ તેમજ આગામી સમયમાં યોજાનારી વૈશ્વિક કક્ષાની ઈવેન્ટને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગાંધીનગરમાં રૂ.48.26 કરોડના નવા વિકાસ અને ટ્રાફિકલક્ષી કામોની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મહાનગરપાલિકાના વિકાસકાર્યોના કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી. નવા કામોમાં ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ પર ભાટ-કોટેશ્વર ક્રોસિંગ ખાતે અંડરપાસ, રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી-શાહપુર તરફના સાબરમતી નદી પરના બ્રિજનું મજબૂતીકરણ, ગિફ્ટ સિટીથી પી.ડી.પી.યુ. તરફના જંકશન અને રોડ ડેવલપમેન્ટ તથા રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી સર્કલ સુધી રોડ સેફ્ટી અને પેવરના કામોનો સમાવેશ થાય છે.

## કેબલ ચોરીના 7 ગુનાનો પર્દાફાશ, 4 રીઢા તસ્કરો 2.65 લાખના મુદ્દામાલ સાથે જેલભેગા

# ખેડૂતોના બોર ઉપર ત્રાટકતી ચોરટોળી પર લાંઘણજ પોલીસનો કાળઝાળ સપાટો!

**મહેસાણા**

મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોની ઊંઘ હરામ કરનારી અને રાત્રિના અંધારામાં બોરવેલ પરથી કેબલ વાયર તથા ઘરફોડ ચોરીને અંજામ આપતી શાતિર ચોરટોળીનો લાંઘણજ પોલીસે સફાયો કરી નાખ્યો છે. ટેકનિકલ એનાલિસિસ અને ખાનગી બાતમીદારોની મદદથી પોલીસે જાળ બિછાવીને ૪ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડી, લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના કુલ ૭ અનડીટેક્ટ ગુનાઓનો સફળતાપૂર્વક ભેદ ઉકેલી નાખ્યો છે. લાંઘણજ પોલીસ સ્ટેશન વિસ્તારના વિવિધ ગામોમાં સતત વધી રહેલી કેબલ ચોરીની ઘટનાઓને ગંભીરતાથી લઈને પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ (ગાંધીનગર વિભાગ), પોલીસ અધીક્ષક હીમાંશુ સોલંકી અને નાયબ પોલીસ અધીક્ષક મિલાપ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ લાંઘણજ પોલીસ ઈન્સપેક્ટર એ.એમ. ગેલોત દ્વારા ચોરોને દબોચવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી.

ચોરીવાળી જગ્યાઓ પરથી ટાવર ડમ્પ ડેટા મેળવીને ટેકનિકલ એનાલિસિસ હાથ ધરાયું હતું. આ દરમિયાન એ.એસ.આઈ. કીરીટભાઈ, એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ, આર્મ્સ પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ (બ.નં. ૯૬૩) અને નરેન્દ્રસિંહ (બ.નં. ૧૦૧૨)ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી. પેટ્રોલિંગ દરમિયાન પોલીસે બાતમીના આધારે આંબલિયાસણથી બાલીયાસણ જવાના રસ્તાની બાજુમાં આવેલ ચરામાં રેડ કરી હતી. ત્યાં ઝાડીઓમાં છુપાઈને કેબલ વાયર છોલી રહેલા ૪ ઈસમોને પોલીસે કોર્ડન કરીને ચારેય બાજુથી ઘેરી લીધા હતા અને ભાગવાનો મોકો આપ્યા વગર ઝડપી પાડ્યા હતા. આરોપીઓની યાદી: અંકિત નિકુલભાઈ દંતાણી (રહે. આંબલિયાસણ, મહેસાણા), રોનક મુકેશભાઈ રાવળ (રહે. ધોળાસણ, મહેસાણા), અભિષેક ઉર્ફે અભુ ગોપાળભાઈ દંતાણી (રહે. આંબલિયાસણ, મહેસાણા), વિજયજી ઉર્ફે ડીંગો કરશનજી ધુળાજી ઠાકોર (રહે. આંબલિયાસણ, મહેસાણા), ધોળાસણ, શંકરપુરા અને ખદલપુરના ગુનાની કબૂલાત.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની કાર્યવાહક બેઠક યોજાઇ

**ગાંધીનગર**

ગાંધીનગરનાં ચાણક્ય ભવન ખાતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની મહત્વપૂર્ણ કાર્યવાહક બેઠક યોજાઈ હતી. સદર બેઠકમાં ગુજરાત રાજ્યનાં યુવા અને લોકપ્રિય નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા ગાંધીનગર વિસ્તારનાં ધારાસભ્ય રીટાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે હર્ષ સંઘવીએ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની કાર્યશૈલી, સંગઠનાત્મક કામગીરી અને શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલા કાર્યોની પ્રશંસા કરી હતી. તેમજ જરૂરિયાતનાં સમયે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘને જરૂરી મદદ અને સહકાર આપવાની ખાતરી આપી હતી. રાજ્ય સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી જૈમિનભાઈ પટેલ તથા સિનિયર ઉપપ્રમુખ વિક્રમસિંહ ગરાસિયાનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યવાહક બેઠકમાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ તથા મહામંત્રી બિપીનભાઈ પટેલ સહિત વિવિધ જિલ્લાનાં પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખો અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



# દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે AAP ધારાસભ્ય હેમંત ખવાએ સરકારને ચીમકી ઉચ્ચારી

### ખેડૂતો, માલધારીઓ અને ખેતમજૂરો માટે સરકાર જલ્દી નિર્ણય લે, અન્યથા આવનારા સમયમાં ખેડૂતોને સાથે રાખી ઉગ્રથી ઉગ્ર કાર્યક્રમ કરવાની ફરજ પડશે: હેમંત ખવા AAP

**ગાંધીનગર**

આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આપણને તમામ લોકોને આશા હતી કે વિધાનસભાના સત્રમાં ખેડૂતો અને પશુપાલકો માટે યોગ્ય સહાયની જાહેરાત કરવામાં આવશે. આ બેહરી મૂંગી સરકારને જગાડવા માટે આમ આદમી પાર્ટી દ્વારા અનેક રચનાત્મક કાર્યક્રમો કરવામાં આવ્યા. વિધાનસભામાં ચર્ચાઓ કરવામાં આવી કે સૌરાષ્ટ્રમાં છેલ્લા 40 દિવસથી વરસાદ પડ્યો નથી, તેના કારણે ખેડૂતોનો પાક સુકાઈ ગયો છે અને સૌરાષ્ટ્રના માલધારીઓ, પશુપાલકોએ પાણી અને ઘાસચારાના અભાવના કારણે હિજરત કરીને આણંદ કે સુરત તરફ જવું પડ્યું છે, તો અમારી માંગ છે કે વહેલામાં વહેલી તકે અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે અને પશુપાલકોને પૂરતો ઘાસચારો આપવામાં આવે.



વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, આપણી કમનસીબી છે કે સરકારના પ્રવક્તા મંત્રી દ્વારા એવું આશ્વાસન આપવામાં આવ્યું કે "હજુ ચોમાસું ચાલુ છે અને આગામી દિવસોમાં સારો વરસાદ પડવાની સંભાવના છે" તો હું આ મંત્રીને કહેવા માગું છું કે પાછલા 40 દિવસમાં એક પણ ટીપું વરસાદ ન પડવાના કારણે ખેડૂતોનો ખૂબ જ નુકસાન થયું છે અને હવે ગમે તેટલું આ પાકને પાણી આપવાથી પણ તે પાક લીલો થઈ જશે તેની શક્યતા નહીવત છે., અને જે પાક લીલો થશે એમાં યોગ્ય માત્રામાં માલ આવવો જોઈએ એની શક્યતા પણ નહિવત છે.

દુષ્કાળ મેન્યુઅલ પ્રમાણે 28 દિવસ સુધી વરસાદ ન પડે ત્યારે દુષ્કાળ જાહેર કરવામાં આવતો હોય છે અને દુષ્કાળ અંતર્ગત ખેડૂતોને લાભો આપવામાં આવતા હોય છે, તો ખેડૂતો, માલધારીઓ અને ખેતમજૂરો માટે સરકાર જલ્દીમાં જલ્દી નિર્ણય લે, અન્યથા આવનારા સમયમાં ખેડૂતોની સાથે રાખી ઉગ્રથી ઉગ્ર કાર્યક્રમ કરવાની ફરજ પડશે.

# ભાદરવી મહાકુંભ દરમિયાન અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શન સમય વધારવામાં આવ્યો

### 20 થી 26 સપ્ટેમ્બર સુધીમાં મંદિર સવારે 6 વાગે થી રાત્રીના 12 વાગ્યા સુધી ખુલ્લુ રહેશે

**અંબાજી**

શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે, ત્યારે લાખો માઈ ભક્તો સાત દિવસમાં અંબાજી ખાતે આવનાર છે,જે મેળો 20 સપ્ટેમ્બર થી 26 સપ્ટેમ્બર સુધીનો શરૂ થવા જઈ રહ્યો છે જે મેળો 7 દિવસ ચાલશે આ મેળામાં આવતા લાખો પદયાત્રીઓને શાંતિ અને સરળતા થી દર્શનનો લાભ મળી રહે તે માટે મેળાના સાત દિવસ માટે મંદિરના દર્શન આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.મેળામાં ઉમટતા લાખો શ્રદ્ધાળુઓને દર્શનનો લાભ મળી રહે તે માટે દર્શનના સમયમાં પણ વધારો કરાયો છે, સામાન્ય દિવસોમાં જે આરતી સવારે 7:30 કલાકે શરૂ થતી હતી તેના બદલે મેળાના સાતે દિવસ સવારે 6 કલાકે કરવામાં આવશે અને બપોર બાદ મંદિર 4.30 કલાક સુધી દર્શન માટે



ખુલ્લું રહેતું હતું,તેના બદલે 5 વાગ્યા સુધી ખુલ્લુ રહેશે તેમજ રાત્રે મંદિર 9 કલાકે મંગળ થતું હતું તેના બદલે હવે મધ્યરાત્રીના 12 વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે જોકે યાત્રિકોના ઘસારાને લઈ દર્શન માટે કોઈ તકલીફ ન પડે તેને લઈ મંદિર ટ્રસ્ટે મોટો નિર્ણય લીધો છે,જેમાં મંદિર ચાચરચોકની હવન શાળામાં કોઈપણ હોમ હવન કરાશે નહીં તેમજ માતાજીને ધરાવાતા અન્નકૂટ પણ આ મેળા દરમિયાન ધરાવી શકાશે નહીં. તા.20/09/2026 થી 26/09/2026 સુધી મંદિર દર્શનનો સમય આ પ્રમાણે રહેશે. સવારે આરતી 6.00 થી 6.30 કલાક સુધી, સવારે દર્શન 6.30 થી 11.30, બપોરે મંદિર 11.30 થી 12.30 એક કલાક સુધી મંગલ રહેશે, બપોરે દર્શન 12.30 થી 5.00 કલાક સુધી, ત્યાર બાદ સાંજે મંદિર 5.00 થી 7.00 વાગ્યા સુધી મંગલ રહેશે, સાંજે આરતી 7.00 વાગ્યા થી 7.30 સુધી, સાંજે દર્શન 7.30 વાગ્યા થી રાત્રિના 12.00 વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે

# વર્ષમાં માત્ર 21 દિવસ કામગીરી, બાકીના 339 દિવસ લીલા લહેર! કરોડના ખર્ચે ચાલતી ગુજરાત વિધાનસભાના કામકાજ સામે ગંભીર સવાલો

### લોકશાહીમાં વિધાનસભા એ પ્રજાના અવાજને રજૂ કરવાનું પવિત્ર સ્થળ છે. પરંતુ જ્યારે કરોડોના ખર્ચે ચાલતા ગૃહમાં વર્ષમાં માત્ર 21 દિવસ જ ચર્ચા થતી હોય, ત્યારે લોકશાહીનું આ માળખું માત્ર ઔપચારિકતા બનીને રહી ગયું છે

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાના કામકાજ અને લોકશાહીની ગરિમા સામે ગંભીર સવાલો ઊભા કરતા અતિ ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ડિસેમ્બર 2022થી સપ્ટેમ્બર 2026 સુધીના ચાર વર્ષ જેટલા સમયગાળા દરમિયાન ગુજરાત વિધાનસભાની બેઠકો માત્ર 106 દિવસ જ મળી છે. હિસાબ કરીએ તો દર વર્ષે સરેરાશ માત્ર 21 દિવસ જ ગૃહનું કામકાજ ચાલ્યું છે. બાકીના 339 દિવસોમાં પ્રજાના કરોડો રૂપિયાના ટેક્સના પૈસાથી ચાલતી આ સિસ્ટમમાં ધારાસભ્યો અને વહીવટી તંત્ર જાણે 'લીલા લહેર' કરી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જનતા પૂછી રહી છે કે દરરોજના કરોડો રૂપિયાના આંધણ કરવાના બદલે આવાં નાટકો બંધ કરીને હવે વિધાનસભાનું કામકાજ 'વર્ક ફ્રોમ હોમ' કેમ કરાવવામાં નથી આવતું?

વર્ષ દરમિયાન સૌથી વધુ વિધાનસભા બેઠકો યોજવામાં ગુજરાત દેશના ટોચના 15 રાજ્યોની યાદીમાં પણ સ્થાન મેળવી શક્યું નથી. દેશના અન્ય રાજ્યો સાથે સરખામણી કરીએ તો કેરળ 44 દિવસની બેઠકો સાથે પ્રથમ સ્થાને, ઓડિશા 40 દિવસ સાથે બીજા સ્થાને અને પશ્ચિમ બંગાળ તથા કર્ણાટક 34 દિવસ સાથે સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે. ગુજરાત જેવા વિકાસના દાવા કરતા રાજ્યમાં વિધાનસભાના દિવસો સતત ઘટતા જાય તે સત્તાધીશોની માનસિકતા સ્પષ્ટ કરે છે. ઉલ્લેખનીય છે કે વર્ષ 2002માં પૂર્વ જસ્ટિસ એમ.એન. વેંકટચલૈયાના વડપણ હેઠળના બંધારણ સમીક્ષા આયોગે નાના રાજ્યોમાં વર્ષમાં ઓછામાં ઓછા 50 દિવસ અને મોટા રાજ્યોમાં 90 દિવસ વિધાનસભાની બેઠકો યોજવાની સ્પષ્ટ ભલામણ કરી હતી. રાજકીય નિષ્ણાતોના મતે, રાજનૈતિક ઈચ્છાશક્તિનો ઘોર અભાવ અને સરકાર પ્રજાના સવાલો તેમજ વિપક્ષના આક્રમક ઘેરાવથી બચવા માંગતી હોવાના કારણે બેઠકોની સંખ્યા આટલી ટૂંકી કરી દેવામાં આવે છે. સત્તાપક્ષ પાસે ગૃહમાં ભારે બહુમતી હોવાથી ધારાસભ્યો પણ બિલ અભ્યાસ કરવામાં કે જનતાના પાયાના પ્રશ્નો રજૂ કરવામાં ખાસ રસ દાખવતા નથી.

પાક્કો ગુજરાત
સોમવાર | 14 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### 5 વર્ષમાં ગુજરાતમાં 555 જીવ હોમાયા!

# સરકારી દાવો કે મરણતોલ બેદરકારી? વર્ષોથી ધડાધડ તૂટતાં સ્ટ્રક્ચર્સ અને નિર્દોષોની બલી!!

જો તાત્કાલિક ધોરણે તમામ જૂની અને જોખમી ઇમારતોનું થર્ડ પાર્ટી સ્ટ્રક્ચરલ ઓડિટ કરીને રિપોર્ટ જાહેર કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં જનતાનો આક્રોશ વધુ ઉગ્ર બનશે



ગાંધીનગર

શું જનતાના પરસેવાના ટેક્સમાંથી બનેલી સરકારી ઈમારતો, પુલો અને આવાસો હવે નાગરિકો માટે મોતની જાળ બની ગયા છે? દેશભરમાં અને ખાસ કરીને ગુજરાતમાં કડાડભૂસ થઈને ધરાશાયી થતાં બાંધકામોએ ભ્રષ્ટાચારની પોલ ખોલી નાખી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ રાષ્ટ્રીય ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના ચોંકાવનારા આંકડા જાહેર કરીને રાજ્ય સરકારની કાર્યશૈલી, બાંધકામની ગુણવત્તા અને ભ્રષ્ટાચાર સામે તીખા પ્રહારો કર્યા છે. આંકડા નહીં, આ તો લોહીથી રડતી સત્યતા છે! NCRBના સરકારી રિપોર્ટ મુજબ, ૨૦૨૦થી ૨૦૨૪ના માત્ર ૫ વર્ષના સમયગાળામાં સમગ્ર દેશમાં સ્ટ્રક્ચર તૂટી પડવાથી ૭,૯૭૯ લોકોના અકાળે મોત થયા છે. જેમાંથી એકલા ગુજરાતમાં ૫૫૫ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

વર્ષ ૨૦૨૪ના આંકડા મુજબ, બાંધકામ ધરાશાયી થવાના કારણે થતાં મૃત્યુમાં ગુજરાત સમગ્ર દેશમાં છઠ્ઠા ક્રમે આવી ગયું છે. ઉત્તર પ્રદેશ (૨૨૪), મહારાષ્ટ્ર (૨૨૩), મધ્ય પ્રદેશ (૧૭૯), રાજસ્થાન (૧૩૧) અને ઝારખંડ (૧૨૩) પછી ૧૧૮ મૃત્યુ સાથે ગુજરાત આ શરમજનક યાદીમાં ટોચના રાજ્યોમાં સામેલ છે.

"અકસ્માત પછી વળતર નહીં, અકસ્માત પહેલાં સુરક્ષા જોઈએ" - ડૉ. મનિષ દોશી

કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ સીધા સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, "જ્યાં સુધી બાંધકામમાં ભ્રષ્ટાચાર, સિમેન્ટ-સ્ટીલ ચોરી અને કોન્ટ્રાક્ટરોને છાવરવાની નીતિ બંધ નહીં થાય ત્યાં સુધી આ સિલસિલો અટકશે નહીં. ૨૦૨૪માં જ દેશભરમાં સરકારી અને વ્યાપારી બિલ્ડિંગો તૂટવાથી ૫૯ લોકોના મોત થયા, જેમાં ગુજરાતમાં પણ ૩ લોકોએ જીવ ગુમાવ્યો. શું જનતાના પૈસાથી બનેલી ઈમારતો જનતા માટે કાળમુખી સાબિત થશે?"

તેમણે ઉમેર્યું કે, "માત્ર ઘટના બન્યા પછી સરકાર થોડાક લાખનું વળતર આપીને પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોન્ટ્રાક્ટરને લાભ પહોંચાડવા કરતાં જનતાને ગુણવત્તા આપવી જરૂરી છે.

## ખેડૂતોની આશાઓ પર ફરેલું પાણી: પાક ધિરાણ માફી અંગે સરકારનો સ્પષ્ટ ઈનકાર

ગાંધીનગર

ગુજરાતના કૃષિ ક્ષેત્રે અને ખેડૂત આલમમાં ભારે ખળભળાટ મચાવી દે તેવા મોટા સમાચાર ગાંધીનગરથી સામે આવ્યા છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કેબિનેટ બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સરકારનું વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોનું પાક ધિરાણ માફ કરવાનો કોઈ વિચાર નથી. કમોસમી વરસાદ, પૂર કે અછત જેવી કુદરતી આપત્તિઓ સામે ખેડૂતોને SDRF (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ) ના નિયમો અને માર્ગદર્શિકા મુજબ જ સહાય ચૂકવવામાં આવશે. મંત્રી ઋષિકેશ પટેલે સરકારનો પક્ષ મજબૂતીથી મૂકતાં જણાવ્યું હતું કે, ખેડૂતોને આત્મનિર્ભર અને સક્ષમ બનાવવા માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. દેવા માફી કરવાથી કૃષિ અર્થતંત્રને લાંબા ગાળે ફાયદો થતો નથી, પણ જ્યારે પણ કુદરતી આફત આવે ત્યારે સરકાર ખેડૂતોની પડખે જ ઉભી રહે છે. કુદરતી આપત્તિના સમયે જમીની સ્તર પર પારદર્શક સર્વે કરાવીને નિયમાનુસાર નીતિ-નિયમો મુજબ જ સીધી આર્થિક મદદ બેંક ખાતામાં જમા કરાવવામાં આવે છે. આ જાહેરાત બાદ સમગ્ર રાજ્યના ખેડૂતોમાં ભારે નિરાશા અને અસંતોષની લાગણી વ્યાપી ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી વારંવાર બદલાતા હવામાન, કમોસમી માવઠાં, અતિવૃષ્ટિ અને કીટકોના ઉપદ્રવને કારણે ખેતીનો ખર્ચ બમણો થઈ ગયો છે. ખાતર, બીયારણ, ડીઝલ અને મજૂરીના ભાવ આસમાને પહોંચતા સામાન્ય ખેડૂત માટે દેવાનો બોજ સહન કરવો મુશ્કેલ બની ગયો હતો.

### સાઈબર ફ્રોડથી ખેડૂતના મોતનો મામલો

## ડભોઈ પોલીસનું મોટા ધડાકા સાથે ઓપરેશન પરાક્રમ, નાસતો ફરતો મુખ્ય આરોપી સુરતથી ઝબ્બે

ડભોઈ/વડોદરા

વડોદરા જિલ્લામાં સાઈબર ક્રાઈમના રાક્ષસે એક માસૂમ ખેડૂતોનો જીવ લીધો હોવાના ચર્ચાસપદ કેસમાં ડભોઈ પોલીસને મોટી સફળતા સાંપડી છે. કાયાવરોહણ ગામના ખેડૂત પટેલ અતુલભાઈ હિરાભાઈ સાથે સાઈબર ગુંડાઓએ કરેલી કરોડો/લાખોની છેતરપિંડીથી કંટાળીને તેમણે આત્મહત્યા કરી લીધી હતી. આ હૃદયદ્રાવક ઘટના સંદર્ભે ડભોઈ પોલીસ સ્ટેશનમાં ગત તારીખ 16-11-25ના રોજ ગંભીર ગુનો નોંધાયો હતો. આ ચકચારી કેસમાં લાંબા સમયથી પોલીસને છાપરે રોવડાવતો અને નાસતો ફરતો આરોપી પ્રકાશ રમેશ ગજેરા આખરે ડભોઈ પોલીસની ત્રાટક ટીમની જાળમાં ફસાઈ ગયો છે.

વડોદરા જિલ્લા પોલીસ વડા દ્વારા ગુનાખોરી મુક્ત જિલ્લાના સંકલ્પ સાથે ચલાવવામાં આવી રહેલા ઓપરેશન પરાક્રમ હેઠળ તમામ નાસતા ફરતા ગુનેગારોને વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઝુંબેશના ભાગરૂપે ડભોઈ પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ટી. પટેલ અને તેમની ચતુર ટીમે સાઈબર ફ્રોડના આ ગંભીર ગુનામાં મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના શામડા ગામના અને હાલ સુરત ખાતે રહેતા પ્રકાશ રમેશ ગજેરા પાછળ ટેકનિકલ સર્વેલન્સ ગોઠવ્યું હતું.

પોલીસને મળેલા સીડીઆર (કોલ ડિટેઈલ રેકોર્ડ) અને અત્યંત ખાનગી હ્યુમન સોર્સ બાતમીદારો મારફતે સચોટ વિગત મળી હતી કે આરોપી પ્રકાશ ગજેરા સુરત શહેરના કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા સહજાનંદ હબ કોમ્પ્લેક્સ ખાતે દરરોજ સવારે નાસ્તો કરવા માટે આવે છે. બાતમી મળતાની સાથે જ પીઆઈ એ.ટી. પટેલે તુરંત ખાસ પોલીસ ટીમ બનાવીને સુરત તરફ રવાના કરી હતી. ડભોઈ પોલીસની ટીમે કાપોદ્રાના સહજાનંદ હબ ખાતે છૂપા વેશમાં કડક વોચ ગોઠવી દીધી હતી. જેવો આરોપી પ્રકાશ ગજેરા ત્યાં નાસ્તો કરવા પહોંચ્યો કે તરત જ પોલીસે તેને ઘેરી લઈને સ્થળ પર જ દબોચી લીધો હતો. આ અગાઉ આ જ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ નિકુંજ નરેશ પાનશેરીયા અને હેનીલ ભાવેશ પાનશેરીયા (બંને રહે. સુરત) ની અટકાયત કરવામાં આવી ચૂકી છે.

## કુદરતી હાજતે ગયેલી 14 વર્ષીય દીકરીને સાપ કરડ્યો, સારવાર દરમિયાન મોત

નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના બલ ગામમાં કુદરતી હાજતે ગયેલી 14 વર્ષીય દીકરીને સાપે ડંખ મારતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ બલ ગામના ટેમરી ફળિયામાં રહેતી પ્રિયાંશીબેન અમરસિંગભાઈ વસાવા ઘર નજીક કપાસનું વાવેતર કરેલા વાડામાં કુદરતી હાજતે ગઈ હતી.

તે દરમિયાન કોઈ ઝેરી સાપે તેના જમણા પગના પંજાની જમણી બાજુએ ડંખ માર્યો હતો.

સાપ કરડતાં પરિવારજનો તાત્કાલિક પ્રિયાંશીબેનને ખાનગી વાહનમાં મોઝદા સરકારી દવાખાને લઈ ગયા હતા અને સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જોકે, ફરજ પરના તબીબે સારવાર દરમિયાન તેને મૃત જાહેર કરી હતી.


બનાવ અંગે દેડિયાપાડા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ગોધરામાં ₹2.79 કરોડનું સરકારી ગ્રાન્ટ કૌભાંડ

## કૌભાંડીઓની જામીન અરજી ફગાવી, DPEO ગાયત્રી પટેલ આરોપી બનતાં અચાનક રજા પર ઉતરી ગયા!

ગાંધીનગર

પંચમહાલ જિલ્લા પંચાયતની શિક્ષણ શાખામાં સરકારી નાણાંની ખુલ્લેઆમ લૂંટ ચલાવનાર કૌભાંડીઓ સામે કાયદાનો સરિયો વીંઝાયો છે. શિક્ષણના નામે બનાવટી બિલો બનાવીને 2.79 કરોડથી વધુની માતબર રકમની ચોરી કરનારા ચાર મુખ્ય આરોપીઓની આગોતરા જામીન અરજી ગોધરા સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. આ સમગ્ર કૌભાંડમાં સૌથી મોટો ધડાકો ત્યારે થયો જ્યારે પોલીસે પુરાવાના આધારે પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (DPEO) ગાયત્રી પટેલને પણ મુખ્ય આરોપી તરીકે દર્શાવ્યા. પોતાનું નામ આરોપીઓની યાદીમાં આવતાં અને મિલીભગત ખુલ્લી પડી જતાં જ અધિકારી ગાયત્રી પટેલ અચાનક રજા



પર ઉતરી જતાં સમગ્ર શિક્ષણ આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોલીસ તપાસ અને કોર્ટ કાર્યવાહીમાં બહાર આવેલી વિગતો અનુસાર, ગોધરા જિલ્લા પંચાયત શિક્ષણ શાખાના પૂજન રમેશચંદ્ર જોશી અને નીતિન જયંતીભાઈ પટેલે સરકારી ખરીદીના તમામ ધારાધોરણો કોરાણે મૂકી દીધા હતા. તેમણે કોઈ પણ પ્રકારની ભૌતિક ખરીદી કે શાળાઓને સાધનોની ફાળવણી કર્યા વિના જ કાગળ પર બનાવટી બિલો ઊભા કર્યા હતા. આ બનાવટી બિલોને સાચા તરીકે દર્શાવીને સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી ખાનગી એજન્સીઓના બેંક ખાતાઓમાં બારોબાર નાણાં ટ્રાન્સફર કરી દેવાયા હતા. જે શાળાઓના નામે નાણાં ચૂકવાયા ત્યાં એક પણ સાધન પહોંચ્યું જ નહોતું. ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ તપાસમાં સામે આવ્યું કે આ કૌભાંડમાં સરકારી તિજોરીને કુલ 2,79,59,816 નું સીધું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ ગંભીર ગુનામાં સંડોવાયેલા ખાનગી એજન્સીઓના માલિકો–કાજલબેન વિજયભાઈ સોનીગ્રા (વેદિકા એન્ટરપ્રાઈઝ), મહેશભાઈ મૂળશંકર ભટ્ટ (શ્રીરામ એન્ટરપ્રાઈઝ), તેમજ પ્રશાંત મહેશભાઈ ભટ્ટ અને સ્વાતિ પ્રશાંતભાઈ ભટ્ટ (અક્ષર સેફ્ટી પ્રોડક્ટ)–એ ધરપકડથી બચવા ગોધરા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી.

## સરકારી ક્વાર્ટરમાં જ 'ઝેર' બનાવતી ફેક્ટરી પર LCBનો દરોડો: બ્રાન્ડેડ બોટલોમાં નકલી દારૂ ભરી વેચવાનું નેટવર્ક બસ્ટ!

### રેલવે કોલોનીમાંથી દારૂ બનાવવાની મીની ફેક્ટરી ઝડપાઈ, રેલવે કર્મચારી સહિત 3 શખ્સો મુદામાલ સાથે દબોચાયા

ભાવનગર

ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે દારૂ માફિયાઓ અને બુટલેગરોની હિંમત એટલી વધી ગઈ છે કે હવે તેઓ ખુલ્લેઆમ સરકારી સરનામાનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે કરી રહ્યા છે. ભાવનગરના હાદાનગર વિસ્તારમાં આવેલી રેલવે કોલોનીના એક સરકારી ક્વાર્ટરમાં બ્રાન્ડેડ બોટલોમાં નકલી દારૂ ભરીને 'ઝેર' પીરસવાની મીની ફેક્ટરી ધમધમી રહી હોવાનો લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) તથા બોરતળાવ પોલીસે પર્દાફાશ કર્યો છે.

મળતી માહિતી મુજબ, ભાવનગરના હાદાનગર રેલવે કોલોનીમાં રહેતા રેલવે કર્મચારી અક્ષયરાજસિંહના સરકારી ક્વાર્ટરમાં ગેરકાયદેસર અને નકલી વિદેશી દારૂ તૈયાર કરવામાં આવી રહ્યો હોવાની ચોક્કસ બાતમી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મળી હતી. બાતમીના આધારે LCB અને પોલીસ ટીમે સરકારી ક્વાર્ટર પર અચાનક દરોડો પાડ્યો હતો.

પોલીસે ક્વાર્ટરની અંદર પ્રવેશતાં જ સ્થળ પરથી નકલી દારૂ બનાવવાનું આખું રેકેટ સામે આવ્યું હતું.

જાણીતી બ્રાન્ડ્સ (જેવી કે ઈમ્પિરિયલ બ્લૂ, રોયલ સ્ટેગ વગેરે) ની બોટલો પર લગાવાતા અસલી જેવા જ દેખાતા નકલી સ્ટીકરો મળી આવ્યા હતા.

મોટા પ્રમાણમાં કાચની ખાલી બોટલો અને ચપટાઓ પકડાયા હતા. નકલી કેમિકલયુક્ત મિશ્રણ ભરીને બોટલને પેક કરવા માટેના ખાસ સીલિંગ મશીનો તથા અન્ય સાધનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. બુટલેગરો બ્રાન્ડેડ દારૂની ખાલી બોટલોમાં હલકી કક્ષાનું દ્રવ્ય અને કેમિકલ ભેળવીને તેને અસલી બોટલ તરીકે પેક કરીને લોકોને વેચતા હતા. LCB પોલીસે આ સફળ કામગીરી દરમિયાન રેલવે કર્મચારી અક્ષયરાજસિંહ સહિત કુલ ૩ શખ્સોની ધરપકડ કરી છે. આરોપીઓ સામે દારૂબંધી અને સંબંધિત કલમો હેઠળ ગંભીર ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### સુરત-નવસારી-વાપી રેલવે લાઈન બની બુટલેગરોનો અડ્ડો

## દારૂની ખુલ્લેઆમ હેરાફેરીના સબૂત ગૃહમંત્રી સુધી પહોંચ્યા, હવે સિસ્ટમ શું મૌન જ રહેશે?

ગાંધીનગર/સુરત

ગુજરાતમાં કાગળ પર ચાલતા દારૂબંધીના કાયદાના ધજીયા ઉડાવતો વધુ એક મોટો અને હચમચાવી દે તેવો ખુલાસો સામે આવ્યો છે. દક્ષિણ ગુજરાતની આર્થિક અને સામાજિક જીવાદોરી ગણાતી સુરત, નવસારી અને વાપી વચ્ચે દોડતી રેલગાડીઓ હવે મુસાફરો માટે ઓછી અને દારૂના બુટલેગરો માટે સુરક્ષિત કોરિડોર વધુ બની ગઈ છે. દારૂનો મોટો જથ્થો ટ્રેનો મારફતે ખુલ્લેઆમ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં આવી



રહ્યો છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ સમગ્ર કૌભાંડના નક્કર સબૂતો અને વીડિયો પુરાવા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના હોમ ટાઉન અને સીધા નાક નીચેથી સામે આવ્યા છે, જેનાથી હવે ગૃહ વિભાગ અને સ્થાનિક પોલીસ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રોડ માર્ગો પર પોલીસ ચેકિંગ અને સરપ્રાઈઝ નાકાબંધીના ડરથી બુટલેગરોએ હવે અપનાવેલી નવી 'સેફ મોડસ ઓપરેન્ડી' એટલે રેલવે સુવિધા. રોજિંદી પેસેન્જર ટ્રેનો, એક્સપ્રેસ ટ્રેનો અને સ્થાનિક લોકલ સેવાઓમાં સામાન્ય મુસાફરોના સ્વાંગમાં બુટલેગરો દારૂની મોટી મોટી ખેપ મારી રહ્યા છે. ટ્રેનોના શૌચાલયો, સીટોની નીચે, લગેજ રેક અને પેન્ટ્રી કારની આસપાસ દારૂના બેગ અને થેલાઓ સંતાડીને આખું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે. આ સમગ્ર કાળા કારોબારના ચોંકાવનારા સબૂતો, સીસીટીવી ફુટેજ અને વીડિયો પુરાવા હવે ગૃહ વિભાગ અને ઉચ્ચ સરકારી દફતરો સુધી પહોંચી ચૂક્યા છે. આ સ્થિતિ વચ્ચે સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે રેલવે સ્ટેશનો પર ચોવીસે કલાક તૈનાત રહેતી રેલવે પોલીસ (GRP), રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને સ્થાનિક પોલીસ ટીમ આટલી મોટી હેરાફેરી પ્રત્યે કેમ અંધાપો બતાવી રહી છે?

## લાઈબ્રેરીના પીવાના પાણીના જગમાંથી જંતુ નીકળતાં ચીફ ઓફિસર દોડી આવ્યા

રાજપીપળા

દરબાર રોડ સ્થિત નગરપાલિકા સંચાલિત પબ્લિક લાઈબ્રેરીમાં વાંચન માટે આવતા વિદ્યાર્થીઓ માટે મુકવામાં આવેલા પીવાના પાણીના જગમાંથી જંતુ નીકળવાની ફરિયાદ સામે આવતાં તંત્રમાં દોડધામ મચી હતી. ફરિયાદની જાણ થતાં



બીજા શનિવારની જાહેર રજા હોવા છતાં રાજપીપળા નગરપાલિકાના મહિલા ચીફ ઓફિસર વૈશાલીબેન વરિયા તાત્કાલિક લાઈબ્રેરી ખાતે દોડી ગયા હતા.

ચીફ ઓફિસરે લાઈબ્રેરીમાં મુકાયેલા પાણીના જગનું જાતે નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ આશરે એક કલાક સુધી સમગ્ર બિલ્ડિંગમાં રાઉન્ડ લઈ લાઈબ્રેરીમાં પડતી અન્ય સમસ્યાઓ અંગે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી હતી.

વિદ્યાર્થીઓએ પાણીની વ્યવસ્થા સહિતની વિવિધ તકલીફો અંગે રજૂઆતો કરતાં ચીફ ઓફિસરે તમામ રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી હતી અને સમસ્યાઓનો ટૂંક સમયમાં નિકાલ કરવા કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

બીજા શનિવારની રજા હોવા છતાં ચીફ ઓફિસર સ્થળ પર પહોંચતા હાજર વિદ્યાર્થીઓમાં પણ ચર્ચા જોવા મળી હતી. વિદ્યાર્થીઓએ તેમની કામગીરીને બિરદાવી તાળીઓ પાડી હતી. હવે પાણીના જગની સ્વચ્છતા સહિત લાઈબ્રેરીની અન્ય સમસ્યાઓના ઝડપી ઉકેલની વિદ્યાર્થીઓમાં અપેક્ષા છે.

### બાળકો માત્ર કાગળ પર, કેન્દ્રોને તાળાં!

## થરાદ પંથકની આંગણવાડીઓમાં 'ગંભીર લાલિયાવાડી': બાળકોના પોષણ અને ભવિષ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં

થરાદ, રાજેશ જોષી

સરકાર દ્વારા નાના બાળકોના સર્વાંગી વિકાસ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને કુપોષણમુક્ત સમાજના નિર્માણ માટે કરોડો રૂપિયાનું અંધાધૂંધ બજેટ ફાળવવામાં આવે છે. પરંતુ થરાદ પંથકમાં આ સરકારી યોજનાઓ અને આંગણવાડી કેન્દ્રો ભ્રષ્ટાચાર તથા બેદરકારીની ભેટ ચડી ગયા હોય તેવી ભયાનક સ્થિતિ સામે આવી છે. થરાદ વિસ્તારના ગ્રામીણ વિસ્તારોમાં આવેલી આંગણવાડીઓ બાળકો માટે વિદ્યા અને પોષણનું ધામ બનવાને બદલે કર્મચારીઓની મનમાની અને 'લાલિયાવાડી'નું મોટું અડ્ડો બની ચૂકી છે.

સમયનું કોઈ ઠેકાણું નહીં: મોટાભાગના આંગણવાડી કેન્દ્રો નિયત સમયે ખુલતા જ નથી. કાર્યકરો અને તેડાગરો પોતાની મરજી મુજબ આવે છે અને મન થાય ત્યારે કેન્દ્રોને તાળાં મારી ગાયબ થઈ જાય છે. રજિસ્ટરમાં બાળકોની સંખ્યા પૂર્ણ દર્શાવીને સરકારી ચોપડા ચોખ્ખા રાખવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં કેન્દ્રો પર બાળકોની હાજરી નહિવત હોય છે. આ ખોટી હાજરી પાછળનું ગણિત શું? ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો તથા ધાત્રી માતાઓ માટે આવતો સરકારી પૌષ્ટિક આહાર ખરેખર લાભાર્થીઓ સુધી પહોંચે છે કે પછી વચેટિયાઓ અને બેદરકાર તંત્રના પેટમાં પચી જાય છે? તે મોટો યક્ષપ્રશ્ન છે. અનેક કેન્દ્રોમાં સ્વચ્છતાના નામે મીંડું છે. પીવાના શુદ્ધ પાણી કે બાળકોને બેસવા માટેની યોગ્ય વ્યવસ્થાનો ઘોર અભાવ જોવા મળી રહ્યો છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પોતાના વહાલોયાઓને સારા સંસ્કાર અને પોષણ મળશે તે આશાએ આંગણવાડીએ મોકલે છે, પરંતુ અહીં તંત્રની કડક દેખરેખના અભાવે બાળકોના ભવિષ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ થઈ રહ્યો છે. સ્થાનિક વાલીઓ આક્રોશ સાથે સવાલ ઉઠાવી રહ્યા છે કે: 'જો આંગણવાડીઓ નિયમિત ચાલતી જ ન હોય અને બાળકો માત્ર ચોપડે જ હાજર દર્શાવાતા હોય, તો ઉચ્ચ અધિકારીઓ આંખ આડા કાન કેમ કરી રહ્યા છે? શું સુપરવાઈઝરો કે સીડીપીઓ (CDPO) દ્વારા ક્યારેય અચાનક સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવે છે ખરું? કે પછી માત્ર ટેબલ પર બેસીને જ ઓલ-ઈઝ-વેલના રિપોર્ટ બનાવી દેવાય છે?' થરાદ પંથકની જનતા અને જાગૃત ગ્રામજનો હવે આરપારના મૂડમાં છે. તંત્રની આ ઘોર બેદરકારી સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. જો તાત્કાલિક ધોરણે ઉચ્ચ અધિકારીઓ દ્વારા થરાદ પંથકની તમામ આંગણવાડીઓમાં સ્થળ તપાસ (ગ્રાઉન્ડ રિપોર્ટિંગ) કરવામાં નહીં આવે અને કામચોર તથા ભ્રષ્ટ કર્મચારીઓ સામે સસ્પેન્શન સહિતના કડક પગલાં લેવામાં નહીં આવે.

## વાત્રક રોડ પર દારૂ ભરેલું વાહન ઝડપાયું, રૂપિયા 20.69 લાખનો મુદ્દામાલ કબજે...!

અરવલ્લી

અરવલ્લીના બાયડ પોલીસ સ્ટેશનની હદમાં વાત્રક ગામની સીમમાં જાહેર રોડ પરથી SMCએ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ-બીયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. SMCના પો.સબ.ઈન્સ. સી.કે. સીસોદિયાની ટીમે કાર્યવાહી દરમિયાન આશરે 100 પેટીમાંથી 3,870 બોટલ દારૂ-બીયરનો જથ્થો કબજે કર્યો હતો, જેની કિંમત રૂ.10,58,682 હોવાનું સામે આવ્યું છે. દારૂના જથ્થા ઉપરાંત એક વાહન, બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ.20,69,682નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે દારૂના જથ્થા સાથે સંકળાયેલા વધુ છ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પકડાયેલા આરોપીની ઓળખ ગોધરા તાલુકાના મોટી કાટડી ગામના માઢ ફળિયામાં રહેતા



અનંતકુમાર અશોકભાઈ પટેલ તરીકે થઈ છે. જ્યારે વોન્ટેડ આરોપીઓમાં અમદાવાદનો અભેસીંગ જાડેજા, ચકલાસી-ખેડા ખાતે દારૂનો જથ્થો મંગાવનાર શખ્સ તથા દારૂની હેરફેર, પાયલોટિંગ અને વાહનના માલિક-કબજેદાર સહિત કુલ છ આરોપીઓનો સમાવેશ થાય છે.

સમગ્ર મામલે બાયડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાવી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## તંત્રી લેખ...

# ગુજરાત વિધાનસભાના તાજેતરના આ સમગ્ર સત્ર દરમિયાન ગૃહમાં થયેલી તમામ કામગીરી, મુખ્ય મુદ્દાઓ અને રાજકીય ઘર્ષણનો સંપૂર્ણ વિસ્તારપૂર્વકનો ખાસ અહેવાલ


### ગૃહમાં ચર્ચાનો મહાસંગ્રામ, જાણો તમામ કામગીરીની ચોકસાઈપૂર્વકની વિગતો વિધાનસભા સચિવાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા, કાયદાકીય કામગીરી અને પક્ષ-વિપક્ષ વચ્ચે થયેલા ઘર્ષણનું સંપૂર્ણ વિશ્લેષણ

ગુજરાત વિધાનસભાનું તાજેતરનું મહત્વપૂર્ણ સત્ર પૂર્ણ થયું છે. સત્રના પ્રારંભથી લઈને આખરી દિવસ સુધી ગૃહનું વાતાવરણ અત્યંત ગરમ અને ચર્ચાસ્પદ રહ્યું હતું. પ્રજાના ટેક્સના નાણાંથી ચાલતા આ લોકશાહીના પવિત્ર ધામમાં રાજ્યના કરોડો નાગરિકોને સ્પર્શતા પ્રશ્નો, વિકાસ કાર્યો, સરકારી નીતિઓ અને કાયદાકીય સુધારાઓ અંગે લાંબી અને તીખી બહેસ જોવા મળી હતી.

### ગૃહના કામગીરીની વિગતવાર આંકડાકીય અને વિષયવાર સમીક્ષા

૧. ધારાસભ્યોની સક્રિયતા અને ચર્ચામાં ભાગીદારી:

વિધાનસભા સચિવાલયના રિપોર્ટ મુજબ, આ સત્રમાં શાસક પક્ષ ભાજપ, મુખ્ય વિપક્ષ કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટી (AAP) ના મળીને બહુમતી ધારાસભ્યોએ ગૃહની ચર્ચાઓમાં સક્રિય ભાગ લીધો હતો.



ધારાસભ્યોએ પોતાના વિસ્તારના સ્થાનિક પ્રશ્નો જેવા કે પીવાના અને સિંચાઈના પાણી, રસ્તાઓની બિસ્માર હાલત, આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની અછત અને શિક્ષણના પ્રશ્નો મજબૂતીથી મૂક્યા હતા.

બજેટિય ફાળવણીઓ અને વિવિધ સરકારી વિભાગોની માંગણીઓ પર કલાકો સુધી દીર્ઘ ચર્ચા ચાલી હતી.

૨. સવાલો-જવાબોની રમઝટ (પ્રશ્નોત્તરી કાળ):

સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી કાળ અત્યંત આક્રમક રહ્યો હતો.

ધારાસભ્યો તરફથી રજૂ કરાયેલા તારાંકિત (જેના મૌખિક જવાબ આપવાના હોય છે) અને અતારાંકિત પ્રશ્નો દ્વારા સરકારને ઘેરવાનો પ્રયાસ થયો હતો.

ખાસ કરીને સરકારી ભરતીઓની પરીક્ષાઓ, ખેડૂતોને પાક નુકસાનીનું વળતર અને વીજળી, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ મોંઘવારી જેવા મુદ્દાઓ પર મંત્રીઓ પાસેથી જવાબો માંગવામાં આવ્યા હતા. સંબંધિત કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓએ આંકડાકીય વિગતો સાથે ગૃહના ટેબલ પર જવાબો રજૂ કર્યા હતા.

૩. કાયદાકીય કામગીરી અને મહત્વના વિધેયકો (Bills):

રાજ્યના સર્વાંગી વિકાસ અને વહીવટી સુધારાઓ માટે સરકાર દ્વારા ગૃહમાં અનેક મહત્વના વિધેયકો મુકવામાં આવ્યા હતા.

વિધેયકો પર શાસક અને વિપક્ષી સભ્યો વચ્ચે કલમવાર વિસ્તૃત ચર્ચા થઈ હતી.

વિપક્ષ દ્વારા કેટલાક વિધેયકોમાં સુધારા સૂચવવામાં આવ્યા હતા, પરંતુ આખરે ગૃહની બહુમતી સાથે તમામ અગત્યના બિલ પસાર કરવામાં આવ્યા હતા.

### ત્રણેય મુખ્ય રાજકીય પક્ષોનું વલણ અને વ્યૂહરચના

ભારતીય જનતા પાર્ટી (BJP): સરકારે પોતાની સિદ્ધિઓ, ડબલ એન્જિન સરકારના ફાયદા, રાજ્યના આર્થિક વિકાસના દર અને વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના સચોટ આંકડા રજૂ કરીને વિપક્ષના આક્ષેપોનો જવાબ આપ્યો હતો. મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓએ ગૃહને આશ્વાસન આપ્યું હતું કે રજૂ થયેલા પ્રજાકીય પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવામાં આવશે.

કોંગ્રેસ (Congress): વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોએ આક્રમક વલણ અપનાવીને ખેડૂતોના પ્રશ્નો, પાક વિમા, મોંઘવારી, બેરોજગારી અને મનરેગા જેવા મુદ્દાઓ પર સરકારને બોંઠી પાડવાનો પ્રયાસ કર્યો હતો. કેટલાક મુદ્દે અસંતોષ વ્યક્ત કરીને કોંગ્રેસે ગૃહમાંથી વોકઆઉટ પણ કર્યું હતું.

આમ આદમી પાર્ટી (AAP): આપના ધારાસભ્યોએ પણ પોતાના વિસ્તારોના મૂળભૂત પ્રશ્નો, સરકારી શાળાઓની સ્થિતિ અને હોસ્પિટલોની સુવિધાઓ અંગે અવાજ ઉઠાવીને સરકારનું ધ્યાન દોર્યું હતું.

નિષ્કર્ષ: સત્રના અંતે અધ્યક્ષ દ્વારા ગૃહની કાર્યવાહી અચોક્કસ મુદત માટે મુલતવી રાખવામાં આવી હતી. આ સમગ્ર સત્ર દરમિયાન જે ચર્ચાઓ થઈ અને જે કાયદાઓ પસાર થયા, તેનો વાસ્તવિક લાભ ગુજરાતની જનતા સુધી કેટલો ઝડપથી પહોંચે છે તે જોવું હવે મહત્વનું બની રહેશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# 'યુવા હવે સરકાર ભરોસે નથી રહેતો': નાણાં મંત્રી નિર્મલા સીતારમનનું નિવેદન કે સરકારની રોજગાર આપવાની નિષ્ફળતાની ખુલ્લી કબૂલાત?

ગાંધીનગર/મુંબઈ

દેશના નાણાં મંત્રી નિર્મલા સીતારમને તાજેતરમાં આપેલા એક નિવેદને સમગ્ર દેશમાં ભારે ચર્ચા અને આક્રોશનો માહોલ ઊભો કરી દીધો છે. નાણાં મંત્રીએ જણાવ્યું કે ભારતનો યુવા વર્ગ હવે સરકાર કે જૂની તકોની રાહ જોયા વિના પોતે જ નવા પ્લેટફોર્મ અને ક્ષેત્રો ઊભા કરી રહ્યો છે. તેમણે આ નિવેદન ભલે યુવાનોની આત્મનિર્ભરતાના વખાણ કરવાના આશયથી આપ્યું હોય, પણ ગ્રાઉન્ડ રિઆલિટી કંઈક અલગ જ ચિત્ર બતાવે છે. વિશ્લેષકો અને સામાન્ય જનતા આ નિવેદનને એક જ દ્રષ્ટિથી જોઈ રહ્યા છે કે સરકારે દેશના કરોડો યુવાનોને પોતાના નસીબ પર છોડી દીધા છે અને હવે પોતાની નિષ્ફળતાઓનો બોજ યુવાનોના ખભા પર નાખી રહી છે.



સવાલ એ ઊભો થાય છે કે શું દેશનો યુવાન પોતાની મરજીથી આત્મનિર્ભર બની રહ્યો છે કે પછી સરકાર પાસેથી બધી જ આશાઓ અને અપેક્ષાઓ તૂટી ગયા પછી તે મજબૂરીમાં પોતાના રસ્તા શોધી રહ્યો છે? કરોડો રૂપિયા ખરચીને ડિગ્રીઓ મેળવ્યા બાદ પણ જ્યારે યુવાનોને યોગ્ય રોજગાર નથી મળતો, સરકારી ભરતીઓની જાહેરાતો માત્ર કાગળ પર રહી જાય છે, પરીક્ષાઓના પેપરો વારંવાર લીક થાય છે અને વર્ષો સુધી પરિણામો અટકેલા રહે છે, ત્યારે યુવાન પાસે પોતાનો સ્વતંત્ર રસ્તો પસંદ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી. આ સંજોગોમાં નાણાં મંત્રીનું એવું કહેવું કે 'યુવા સરકાર પર ભરોસે નથી રહેતો' તે દાઝ્યા પર ડામ આપવા સમાન છે.

જો દેશનો દરેક યુવાન પોતાના દમ પર જ બિઝનેસ, સ્ટાર્ટઅપ કે પ્લેટફોર્મ ઊભું કરવાનો હોય, તો સરકારી ક્ષેત્રોમાં ખાલી પડેલી લાખો જગ્યાઓનું શું? દેશના બજેટમાં કૌશલ્ય વિકાસ અને રોજગારીના નામે ફાળવવામાં આવતા અબજો રૂપિયા ક્યાં જાય છે? સરકાર પોતાની જવાબદારીઓમાંથી સીધી રીતે હાથ ઊંચા કરી રહી છે. એક તરફ મોંઘવારી આસમાને પહોંચી છે, ખેતી અને ઉદ્યોગોમાં અનિશ્ચિતતા છે, ત્યારે યુવા વર્ગને 'પોતાનું જોઈ લો' જેવો સંદેશ આપવો તે શાસન પ્રણાલી સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરે છે.

આજે દેશનો શિક્ષિત યુવાન હતાશા અને અનિશ્ચિત ભવિષ્યના મોહજાળમાં ફસાયેલો છે. નાણાં મંત્રીના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે સરકાર પાસે દેશના કરોડો બેરોજગારો માટે કોઈ નક્કર નીતિ કે રોડમેપ નથી. જ્યારે કરદાતાઓના નાણાંથી સરકાર ચાલે છે, ત્યારે દેશના યુવાનોને સુરક્ષિત અને સ્થિર ભવિષ્ય આપવું એ સરકારની પ્રાથમિક ફરજ છે, કોઈ ઉપકાર નહીં.

સરકારની આ ખુલ્લી નિષ્ફળતા અને બેફિકર વલણ સામે હવે દેશના વાચકો અને યુવા વર્ગમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. યુવાનોને હવે સમજાઈ ગયું છે કે રાજકીય ભાષણો અને કાગળ પરના દાવાઓથી ઘર ચાલતા નથી. આગામી સમયમાં આ જનઆક્રોશ રાજકીય અને સામાજિક સ્તરે કેવો વિસ્ફોટ સર્જે છે અને યુવાનોનો આ અસંતોષ સત્તાધીશોને કઈ રીતે ઘેરશે, તેના પર સૌની નજર રહેશે.

# રાહુલ ગાંધીની મલેશિયન PM ઇબ્રાહિમ સાથે મુલાકાત

### BRICS સમિટ વચ્ચે બ્રેકફાસ્ટ પર મળ્યા; પ્રિયંકા ગાંધી પણ હાજર રહ્યા

નવી દિલ્હી

દિલ્હીમાં ચાલી રહેલી 18મી BRICS સમિટ વચ્ચે મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે રવિવારે વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી. આ બેઠક BRICS સમિટ સિવાય થઈ હતી, જેમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ સામેલ હતાં. બધાએ સાથે નાસ્તો કર્યો. કોંગ્રેસ દ્વારા X પર તસવીરો પણ શેર કરવામાં આવી છે. દિલ્હીમાં BRICS સમિટ 12 અને 13 સપ્ટેમ્બરના રોજ યોજાઈ છે. તેમાં ચીન, રશિયા સહિત 11 દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા છે. આજે સમિટનો છેલ્લો દિવસ છે. 12 સપ્ટેમ્બરના રોજ પીએમ મોદીએ ભારત મંડપમમાં વિવિધ દેશોના નેતાઓનું સ્વાગત કર્યું. તેમાં મલેશિયાના PM ઈબ્રાહિમ, સાઉદી અરબના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈસલ બિન ફરહાન અલ સઉદ, વિયેતનામના PM લે મિન્હ હંગ, બુરુન્ડીના રાષ્ટ્રપતિ એવરિસ્ટ નદાયિશિમિયે, કઝાખસ્તાનના રાષ્ટ્રપતિ કાસિમ-જોમાર્ટ ટોકાયેવ અને યુગાન્ડાના ઉપરાષ્ટ્રપતિ જેસિકા અલુપો સામેલ હતા. શનિવારે જાહેર થયું નવી દિલ્હી ઘોષણા-પત્ર BRICS દેશોએ શનિવારે નવી દિલ્હી ઘોષણા-પત્ર 2026 અપનાવ્યું. તેમાં પશ્ચિમ એશિયામાં સતત વધી રહેલા તણાવ પર ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી. ઘોષણા-પત્રમાં તમામ પક્ષોને મહત્તમ સંયમ રાખવા અને એવા પગલાં ટાળવા અપીલ કરવામાં આવી, જેનાથી ક્ષેત્રમાં તણાવ વધુ વધી શકે છે. ગાઝા અને ઈઝરાયલ-પેલેસ્ટાઈન મુદ્દે પણ ચર્ચા ઘોષણાપત્રમાં ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષના કાયમી સમાધાન માટે દ્વિ-રાષ્ટ્ર સમાધાન પ્રત્યે BRICS ના સમર્થનને પુનરાવર્તિત કરવામાં આવ્યું. સાથે જ પેલેસ્ટાઈન માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાકીય સહયોગ વધારવાની જરૂરિયાત દર્શાવવામાં આવી. BRICSએ ગાઝામાં માનવતાવાદી સહાય પહોંચાડવાની જવાબદારીને લઈને



ઈઝરાયેલની કાનૂની જવાબદારીને પણ રેખાંકિત કરી. નિવેદનમાં ક્ષેત્રમાં માનવતાવાદી સ્થિતિને લઈને આંતરરાષ્ટ્રીય સમુદાયની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો.

# જે માતા-પિતાએ જીવન આપ્યું, તેમની વૃદ્ધાવસ્થાને એકલતા ન આપીએ

### જે હાથ પકડીને આપણને ચાલતા શીખવ્યું, આજે એ જ હાથને આપણા સહારાની જરૂર છે

માણસના જીવનમાં અનેક સંબંધો આવે છે, પરંતુ માતા-પિતાનો સંબંધ એવો છે જેમાં કોઈ સ્વાર્થ હોતો નથી. સંતાનના જન્મથી લઈને તેને પોતાના પગ પર ઊભું કરવા સુધી માતા-પિતા પોતાની અનેક ઈચ્છાઓનું બલિદાન આપે છે. સંતાનની ખુશીમાં પોતાની ખુશી અને સંતાનના દુઃખમાં પોતાનું દુઃખ જોનારા માતા-પિતા જ્યારે વૃદ્ધ થાય છે ત્યારે તેમને સૌથી વધુ જરૂર હોય છે–સંતાનોના પ્રેમ, સમય અને સાથની.



બાળપણમાં આપણે પડી જઈએ ત્યારે માતા-પિતા આપણને ઊભા કરતા હતા. રાત્રે તાવ આવે ત્યારે પોતાની ઊંઘ ભૂલીને માથે હાથ ફેરવતા હતા. આપણી નાની જરૂરિયાત માટે પણ તેઓ પોતાની મોટી જરૂરિયાતને પાછળ મૂકી દેતા હતા. પરંતુ સમયનું ચક્ર એવું છે કે એક દિવસ એ જ માતા-પિતાના પગ ધીમા પડે છે, યાદશક્તિ થોડી નબળી પડે છે અને શરીરને સહારાની જરૂર પડે છે.

આજની દોડધામભરી જિંદગીમાં સંતાનો નોકરી, વ્યવસાય અને પરિવારની જવાબદારીઓમાં વ્યસ્ત રહે છે. પરિણામે ઘણી વખત ઘરમાં માતા-પિતા હાજર હોવા છતાં તેમની સાથે વાત કરનાર કોઈ હોતું નથી. વૃદ્ધાવસ્થાની સૌથી મોટી પીડા ઘણી વખત બીમારી નહીં, પરંતુ એકલતા હોય છે.

વૃદ્ધ માતા-પિતાને હંમેશાં મોંઘી ભેટો કે વૈભવી સુવિધાઓની જરૂર નથી હોતી. તેમને તો કોઈ પ્રેમથી પૂછે, "બાપુજી, આજે કેમ છો?" અથવા "મા, દવા લીધી?" એટલું પણ તેમના ચહેરા પર સંતોષનું સ્મિત લાવી શકે છે.

તેઓ વારંવાર જૂની વાતો કરે તો કંટાળીએ નહીં. તેઓ એક જ વાત ફરીથી પૂછે તો ગુસ્સો ન કરીએ. તેમની ચાલ ધીમી થઈ હોય તો તેમની સાથે બે પગલાં ધીમા ચાલીએ. કારણ કે એક દિવસ આપણાં પગ પણ ધીમા પડશે અને ત્યારે આપણને પણ કોઈના ધીરજભર્યા સાથની જરૂર પડશે.

માતા-પિતાની સેવા માત્ર ફરજ નથી; તે આપણા જીવન પ્રત્યેની કૃતજ્ઞતા છે.

સંતાનો પોતાના બાળકોને સારા સંસ્કાર આપવા માંગતા હોય તો તેની શરૂઆત ઘરના વડીલો પ્રત્યેના પોતાના વર્તનથી કરવી જોઈએ. કારણ કે બાળકો ઉપદેશ કરતાં વર્તનમાંથી વધુ શીખે છે. આપણે આજે આપણા માતા-પિતાને જે માન-સન્માન આપીશું, આવતીકાલે આપણા સંતાનો પણ એ જ સંસ્કાર આગળ લઈ જશે.

પૈસા ફરી કમાઈ શકાય છે, મકાન ફરી બનાવી શકાય છે અને ગુમાવેલી ઘણી વસ્તુઓ ફરી મેળવી શકાય છે. પરંતુ માતા-પિતાનો ગુમાવેલો સમય પાછો મેળવી શકાતો નથી. તેમના અવસાન પછી ફોટા સામે દીવો પ્રગટાવી શકાય, શ્રદ્ધાંજલિ આપી શકાય, પરંતુ જીવતા હતા ત્યારે તેમની બાજુમાં બેસીને કરેલી બે મિનિટની વાતનું સ્થાન કોઈ લઈ શકતું નથી.

આથી માતા-પિતા સાથે હોય ત્યાં સુધી તેમની કિંમત સમજીએ. તેમની નાની જરૂરિયાતને ભાર ન માનીએ. તેમની વૃદ્ધાવસ્થાને આપણા જીવનની અડચણ નહીં, પરંતુ આપણી સેવા અને સંસ્કારની કસોટી માનીએ. જેણે આપણને આંગળી પકડીને ચાલતા શીખવ્યું હતું, આજે એ જ આંગળીને આપણા હાથની જરૂર છે. ચાલો, તેમના જીવનની સાંજને એકલતાથી નહીં, આદર, પ્રેમ અને હૂંફથી ઉજાસભરી બનાવીએ.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# 'ભારત શાકાહારી દેશ છે' તે ભ્રમ ભાંગીને ભુક્કો: દિલિપ સી. મંડલની ફેસબુક પોસ્ટથી દેશભરમાં ભારે ખળભળાટ!

ગાંધીનગર/નવી દિલ્હી:

એક સમયે બ્રાહ્મણ અને સામાજિક વિષયોના ઊંડા અભ્યાસુ ગણાતા તથા હાલમાં નરેન્દ્ર મોદી સરકારની નજીકની વિચારધારા અને કિચન કેબિનેટના મહત્વના સભ્ય મનાતા દિલિપ સી. મંડલની એક તાજેતરની ફેસબુક પોસ્ટે સમગ્ર દેશમાં નવી ચર્ચા અને મોટો વિવાદ છેડી દીધો છે. 'ભારત કેવળ શાકાહારી લોકોનો દેશ છે' તેવા વર્ષો જૂના દંતકથા સમાન દાવાઓ અને ભ્રમણાઓ પર આ પોસ્ટે સીધો પ્રહાર કર્યો છે. દિલિપ મંડલે ભારતના નોન-વેજ (માણસાહાર) બજારના આંકડા રજૂ કરીને એવું ચિત્ર મૂક્યું છે કે જેને જોઈને કોઈ પણ કહી શકે કે ભારત હવે આર્થિક અને આહારની બાબતમાં કઈ દિશા તરફ આગળ વધી રહ્યું છે.

દિલિપ સી. મંડલે પોતાની પોસ્ટમાં નોન-વેજ ક્ષેત્રને એક 'સેક્યુલર બિઝનેસ' ગણાવતા ભારતમાં પ્રતિદિન થતા કચા નોન-વેજના વેચાણનો ચોંકાવનારો અંદાજ મૂક્યો છે. તેમના જણાવ્યા મુજબ, ભારતમાં દરરોજ ચિકનનું 750 કરોડ રૂપિયા, મટનનું 600 કરોડ રૂપિયા, માછલીનું 650 કરોડ રૂપિયા અને ઈંડાનું 300 કરોડ રૂપિયાનું રિટેલ વેચાણ થાય છે. આ આંકડાનો સરવાળો કરીએ તો ભારતભરમાં દરરોજ અંદાજે 2300 કરોડ રૂપિયાનો કચો નોન-વેજ બિઝનેસ થાય છે. મહત્વની વાત એ છે કે આ આંકડામાં આંતરરાષ્ટ્રીય નિકાસ (એક્સપોર્ટ) કે હોટેલ-રેસ્ટોરન્ટના વેચાણનો સમાવેશ થતો નથી.

મંડલે આંકડાકીય વિગતો આપતાં વધુમાં ઉમેર્યું કે ભારત હવે વિકાસના 'સુપર હાઈવે' પર સવાર થઈ ચૂક્યું છે.

દેશમાં જે ઝડપે મધ્યમ વર્ગ (મિડલ ક્લાસ)ની સંખ્યા વધી રહી છે અને તેમની ખરીદશક્તિ વધી રહી છે, તેને કારણે આવનારા દિવસોમાં નોન-વેજની માંગ અને વેચાણ હજુ બમણું થશે.

જે પરિવારો અત્યારે સપ્તાહમાં એક જ વાર નોન-વેજ આરોગે છે, તેઓ આગામી સમયમાં ત્રણથી ચાર દિવસ ખાતા થશે અને અડધો કિલો ખરીદનારા પરિવારો દોઢ કિલો સુધી ખરીદી કરશે.

આ સમગ્ર પોસ્ટનો સૌથી ઘાતક અને આંખ ઉઘાડનારો મુદ્દો એ છે કે આ અબજો રૂપિયાના કાળા-ધોળા કારોબારમાં ધર્મ ક્યાંય આડે આવતો નથી. ઓર્ગેનાઈઝ્ડ અને ઓનલાઈન નોન-વેજ બિઝનેસમાં મોટા ભાગનું રોકાણ અને માલિકી હિન્દુ ઉદ્યોગસાહસિકોની છે.

એક ઓનલાઈન કંપની જ દરરોજ 3 કરોડથી વધુનું નોન-વેજ વર્ષના 365 દિવસ વેચે છે, જ્યારે મરઘા પાલન અને વેચાણ કરતી એક મોટી કંપનીએ ગત વર્ષે 6,750 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે–જે બંનેના માલિકો હિન્દુ છે.

દિલિપ સી. મંડલના આ વિશ્લેષણથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં ખોરાક અને વેપારના મામલે ધાર્મિક સીમારેખાઓ ઓગળી રહી છે. સરકારના ઘરઆંગણેથી જ આવેલા આ આંકડાકીય પ્રહાર બાદ હવે સામાજિક અને રાજકીય વર્તુળોમાં તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે.

# ફેસ્ટિવલ સિઝન પહેલાં 95 ટન નકલી પનીર, બટર જપ્ત

### કિંમત ₹4.45 કરોડ; મહારાષ્ટ્ર FDAની કાર્યવાહી, કમિશનરે કહ્યું- લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારાઓ સામે કાર્યવાહી થશે

મુંબઈ

મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ છેલ્લા બે દિવસમાં રાજ્યભરમાં તપાસ દરમિયાન બટર, પનીર અને માવા જેવા 95 ટનથી વધુ ખાદ્યપદાર્થો અને 172 લિટર દૂધ જપ્ત કર્યું. તેની કિંમત આશરે 4.45 કરોડ છે. FDA અનુસાર, તહેવાર પહેલાં સુરક્ષિત અને સ્વચ્છ ખાદ્યપદાર્થો ઉપલબ્ધ કરાવવા માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું. આ દરમિયાન અહિલ્યાનગર, પુણે, નાસિક અને બુલઢાણામાં આ બધાની તપાસ કરવામાં આવી. અહિલ્યાનગરમાં અધિકારીઓએ એક કોલ્ડ સ્ટોરેજ પર દરોડો પાડીને 75,368 કિલો પાશ્ચરાઈઝ્ડ અનસોલ્ટેડ કુકિંગ બટર જપ્ત કર્યું. તેની કિંમત આશરે 3.95 કરોડ હતી. અધિકારીઓને સ્ટોકની ગુણવત્તા ખરાબ હોવાની અને લેબલિંગમાં ગડબડ હોવાની આશંકા હતી. સેમ્પલ તપાસ માટે લેબમાં મોકલવામાં આવ્યા છે અને સ્ટોકને સીલ કરી દેવામાં આવ્યો છે. પુણેમાં FDA અધિકારીઓએ બે વાહનોને રોક્યા, જેમાં તહેવારોના સિઝનમાં વેચાણ માટે ભેળસેળયુક્ત પનીર, ખોયા અને દહીં લઈ જવામાં આવી રહ્યું હતું. તહેવારોની સિઝન 14 સપ્ટેમ્બરથી ગણેશ ચતુર્થી સાથે શરૂ થઈ રહી છે. અધિકારીઓને જાણવા મળ્યું કે દૂધમાંથી બનેલા ઉત્પાદનો એવી ગાડીમાં લઈ જવામાં આવી રહ્યા હતા, જેમાં તાપમાન નિયંત્રણની સુવિધા ન હતી. કર્ણાટકથી લાવવામાં આવેલા પનીરના બિલ પણ મળ્યા ન હતા. કેટલાક ઉત્પાદનો સીલ વગરની પોલીથીનમાં રાખેલા હતા અને તેના પર સાચી માહિતીવાળા લેબલ પણ લાગેલા ન હતા. પહેલી ગાડીમાંથી 24 સેમ્પલ લેવામાં આવ્યા અને 7,362 કિલો પનીર તથા અન્ય ખાદ્યપદાર્થો જપ્ત કરવામાં આવ્યા, જેની કિંમત 17.15 લાખ હતી.



### કેવડાત્રીજના પાવન પર્વે

# શિવ-પાર્વતીની આરાધનામાં લીન થઈ મહિલાઓ



ભાદરવા સુદ ત્રીજના પાવન દિવસે કેવડાત્રીજનો ધાર્મિક ઉત્સાહ જોવા મળ્યો હતો. ભગવાન શિવ અને માતા પાર્વતીની આરાધનાના આ પવિત્ર પર્વે મહિલાઓએ શ્રદ્ધાપૂર્વક વ્રત રાખ્યું હતું અને પરિવારના સુખ-શાંતિ, પતિના દીર્ઘાયુષ્ય તથા અખંડ સૌભાગ્ય માટે પ્રાર્થના કરી હતી. વહેલી સવારથી જ મહિલાઓ સ્નાન કરી પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ શિવ મંદિરોમાં પૂજા-અર્ચના માટે પહોંચી હતી.


કેવડાત્રીજના દિવસે ભગવાન શિવને કેવડાનું ફૂલ અર્પણ કરવાની પરંપરા હોવાથી મંદિરોમાં કેવડાના ફૂલની વિશેષ માંગ જોવા મળી હતી. મહિલાઓએ શિવલિંગ પર જળ, દૂધ, બિલિપત્ર અને કેવડાનું ફૂલ અર્પણ કરીને શિવ-પાર્વતીનું પૂજન કર્યું હતું. ધૂપ-દીપ પ્રગટાવી આરતી કરવામાં આવી હતી અને મંદિરોમાં ભક્તિપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું.

પરિણીત મહિલાઓએ પતિના દીર્ઘાયુષ્ય અને દાંપત્યજીવનમાં સુખ-સમૃદ્ધિ માટે ઉપવાસ રાખ્યો હતો. જ્યારે કુંવારી યુવતીઓએ સારા જીવનસાથીની પ્રાપ્તિની ભાવના સાથે વ્રત અને પૂજન કર્યું હતું. અનેક સ્થળોએ મહિલાઓ સમૂહમાં એકત્ર થઈ કેવડાત્રીજની વ્રતકથા સાંભળી હતી અને ત્યારબાદ શિવ-પાર્વતીની આરતી કરીને પ્રસાદનું વિતરણ કર્યું હતું. કેવડાત્રીજ સાથે માતા પાર્વતીની અડગ ભક્તિ અને ભગવાન શિવને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા કરેલા તપની ધાર્મિક માન્યતા પણ જોડાયેલી હતી. આ માન્યતાને કેન્દ્રમાં રાખીને મહિલાઓએ શ્રદ્ધા અને ભક્તિભાવથી વ્રત કર્યું હતું. પૂજા દરમિયાન સૌભાગ્યની સામગ્રી અર્પણ કરવામાં આવી હતી અને માતા પાર્વતી પાસે પરિવારના સુખ-શાંતિ તથા અખંડ સૌભાગ્યની પ્રાર્થના કરવામાં આવી હતી.

કેવડાત્રીજના પર્વને લઈને બજારોમાં પણ ધાર્મિક ચહલપહલ જોવા મળી હતી. કેવડાના ફૂલ ઉપરાંત પૂજાની સામગ્રી, ફળ-ફૂલ તથા સૌભાગ્યની સામગ્રીની ખરીદી માટે મહિલાઓની ભીડ જોવા મળી હતી. મંદિરોમાં સવારથી જ દર્શનાર્થીઓની અવરજવર રહી હતી. સાંજના સમયે આરતી અને ભજન-કીર્તનના કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ વધુ ભક્તિમય બન્યું હતું.

આમ, કેવડાત્રીજનો પવિત્ર પર્વ શ્રદ્ધા, સંસ્કાર અને પરંપરાના માહોલ વચ્ચે ઉજવાયો હતો. મહિલાઓએ દિવસભર વ્રત-પૂજન અને શિવ-પાર્વતીના સ્મરણમાં સમય વિતાવ્યો હતો. મંદિરોમાં ગુંજેલા હર હર મહાદેવના જયઘોષ અને ભક્તિના માહોલ વચ્ચે કેવડાત્રીજની ઉજવણી ધાર્મિક આસ્થા સાથે સંપન્ન થઈ હતી.

## ઓવરટેકની ઉતાવળમાં વર્ના ટ્રકમાં ઘૂસી, 19 વર્ષની યુવતી ગંભીર



આમોદ

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર આમોદ-માતર વચ્ચે ઓવરટેકની ઉતાવળ એક યુવતી માટે જીવલેણ સાબિત થતાં રહી ગઈ.

ઝડપભેર દોડતી વર્ના કાર આગળ જઈ રહેલા ટ્રકના પાછળના ભાગમાં ધડાકાભેર ઘૂસી જતાં કારનો આગળનો અને ઉપરનો ભાગ કચ્ચરઘાણ થઈ ગયો હતો.

અકસમાત એટલો ગંભીર હતો કે વર્નાની છત સહિત ડ્રાઈવર અને પેસેન્જર સાઈડનો ભાગ ભારે નુકસાનગ્રસ્ત થઈ ગયો હતો. કારમાં સવાર 19 વર્ષીય યુવતીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે દોડધામ મચી ગઈ હતી.

ધડાકો થતાં જ એક્સપ્રેસવે પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવતીને તાત્કાલિક વડોદરાની હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવી હતી.

હાઈ-સ્પીડ એક્સપ્રેસવે પર રોંગ સાઈડથી ઓવરટેકિંગ અને બેફામ ઝડપે વાહન હંકારવાની લહાય કેટલી ભારે પડી શકે તેનું આ અકસ્માત ગંભીર ઉદાહરણ બન્યો છે. અકસ્માત બાદ થોડા સમય માટે માર્ગ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

## કુઈદામાં રસ્તાના વિવાદે બે જૂથ બાખડ્યાં, 29 સામે રાયોટિંગનો ગુનો

સાગબારા

સાગબારા તાલુકાના કુઈદા ગામના ગોસાઈ ફળિયામાં અવર-જવર માટેના રસ્તાને પહોળો કરવાના મુદ્દે બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતાં ચકચાર મચી હતી. બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવતાં સાગબારા પોલીસે કુલ 29 લોકો સામે રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, રસ્તાના મુદ્દે પંચ ભેગા કરી સમાધાનનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, પંચમાં કોઈ નિકાલ ન આવતાં બંને પક્ષના લોકો પોતપોતાના ઘરે જવા નીકળ્યા હતા. આ દરમિયાન ગોવિંદભાઈ જાલમસિંગભાઈ ગોસાઈના પક્ષે મારામારી, ઈંટના ટુકડા તથા બેટ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડ્યાના આક્ષેપો




કરવામાં આવ્યા છે. કેટલાક લોકોને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

સામા પક્ષે પણ રસ્તો ખુલ્લો કરવાના મુદ્દે થયેલા વિવાદમાં લાકડી વડે હુમલો કરી માથા સહિતના ભાગે ઈજાઓ પહોંચાડ્યાની ફરિયાદ નોંધાવી છે. બંને પક્ષોની ફરિયાદના આધારે પોલીસે કુલ 29 વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે.

ઘટનાની જાણ થતાં સાગબારા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એમ. લટા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પરિસ્થિતિ સંભાળી હતી. પોલીસે અત્યાર સુધીમાં 14 આરોપીઓને ઝડપી જેલહવાલે કર્યા હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે અન્ય આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી ચાલુ છે. સમગ્ર મામલાની તપાસ પીઆઈ જે.એમ. લટા કરી રહ્યા છે. આ કેસમાં સાગબારા આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખ પંજાબેન ગોસાઈ પણ આરોપી હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. જોકે, તેમની સામેના ચોક્કસ આક્ષેપો અને કેસમાં તેમની ભૂમિકા અંગેની વિગતો પોલીસ તપાસ બાદ વધુ સ્પષ્ટ થશે.

## ગડખોલ-અંદાડા રોડ પર ખુલ્લી વરસાદી ગટર બની વાહન ચાલકો માટે જીવનું જોખમ

અંકલેશ્વર

અંકલેશ્વરના ગડખોલ-અંદાડા રોડ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે ખોદવામાં આવેલી ઊંડી ગટર વાહનચાલકો માટે જોખમી બની છે. ગત રાત્રે પડેલા ભારે વરસાદ બાદ ગટરમાં પાણી ભરાઈ જતાં અનેક વાહનો તેમાં ખાબક્યા હતા. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ સુરક્ષાત્મક બેરિકેડિંગના અભાવે સ્થાનિકોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે. વરસાદી પાણીના નિકાલ માટે રસ્તાની બંને તરફ ગટર ખોદવામાં આવી છે. કામગીરી બાદ ગટરને યોગ્ય રીતે ઢાંકવા કે તેની આસપાસ પૂરતી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવાને બદલે ખુલ્લી રાખવામાં આવતા વાહનચાલકો માટે મુશ્કેલી સર્જાઈ રહી છે. ભારે વરસાદ દરમિયાન રસ્તા પર પાણી ભરાઈ જતાં ગટરની ઊંડાઈ અને કિનારો દેખાતો ન હોવાથી જોખમ અનેકગણું વધી જાય છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં પાણી ભરાયેલી ગટરનો અંદાજ ન આવતાં વાહનો તેમાં ખાબકવાના બનાવો બન્યા હતા. સ્થાનિકોના આક્ષેપ મુજબ ગટરની આસપાસ પૂરતું બેરિકેડિંગ, રિફ્લેક્ટર કે ચેતવણીના બોર્ડ પણ લગાવવામાં આવ્યા નથી. જેના કારણે વરસાદી પાણીના નિકાલ માટે શરૂ કરાયેલી કામગીરી જ અકસ્માતનું કારણ બની રહી છે. સ્થાનિકોએ માંગ કરી છે કે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ગટરની આસપાસ મજબૂત બેરિકેડિંગ કરવામાં આવે, ચેતવણીના બોર્ડ અને રિફ્લેક્ટર લગાવવામાં આવે તેમજ રાત્રિના સમયે વાહનચાલકોને સ્પષ્ટ માર્ગદર્શન મળે તેવી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

### મેન રોડની બાજુએ દેખાતા પ્રવાહીએ ઊભા કર્યા ગંભીર સવાલો, પ્રવાહીનો સ્ત્રોત શું?

## દહેજ GIDCમાં Anugrah કંપનીની દિવાલ પાસે કેમિકલ જેવું પ્રવાહી? GPCBની સ્થળ તપાસ ક્યારે?

ભરૂચ, રંગુની જાકીર

દહેજ GIDCના સમભેટી નજીક આવેલી Anugrah કંપનીની બહાર મેન રોડની બાજુએ દિવાલને અડીને કેમિકલ જેવું પ્રવાહી જોવા મળતાં અનેક સવાલો ઊભા થયા છે.

આ દેખાતા પ્રવાહીનું સાચું સ્વરૂપ શું છે અને તે ક્યાંથી આવ્યું?

શું આ માત્ર વરસાદી પાણી છે કે પછી કંપનીની ઔદ્યોગિક પ્રક્રિયા સાથે સંકળાયેલું પ્રવાહી? જો પ્રવાહી કેમિકલયુક્ત હોવાની શક્યતા હોય તો તે કંપનીની હદ બહાર સુધી પહોંચવાનું કારણ શું? શું કંપની પાસે ઔદ્યોગિક પ્રવાહી અને વરસાદી પાણીના નિકાલ માટે અલગ-અલગ વ્યવસ્થા છે? GPCB દ્વારા સ્થળ પર તાત્કાલિક તપાસ કરી પ્રવાહીના સેમ્પલ લેવામાં આવશે કે નહીં?






સેમ્પલની લેબોરેટરી તપાસ કરાવી તેમાં કયા કેમિકલ કે પ્રદૂષક તત્વો છે તે જાહેર કરવામાં આવશે કે નહીં?

મેન રોડની બાજુ સુધી પ્રવાહી પહોંચ્યું હોય તો જમીન, ડ્રેનેજ અને આસપાસના પર્યાવરણ પર તેની કોઈ અસર થઈ છે કે નહીં, તેની પણ તપાસ જરૂરી બની છે.

હવે સવાલ માત્ર દિવાલ પાસે પ્રવાહી દેખાયું એટલો નથી–સવાલ એ છે કે આ પ્રવાહીનું મૂળ શું છે, જવાબદાર કોણ છે અને જો નિયમભંગ સામે આવે તો કાર્યવાહી ક્યારે થશે?

Anugrah કંપનીની દિવાલ પાસે દેખાતા આ પ્રવાહીનું સત્ય બહાર લાવવા GPCB સ્થળ તપાસ કરશે, સેમ્પલ લઈ વૈજ્ઞાનિક તપાસ કરાવશે અને જવાબદારી નક્કી કરશે કે પછી ઔદ્યોગિક વિસ્તારની આવી ગંભીર બાબતો પણ માત્ર ફોટા-ફરિયાદો બનીને કાગળોમાં જ દફન થઈ જશે?

## વીજળી ગુલ થતાં અંધારામાં છરાથી યુવકની હત્યા : આરોપી ફરાર

વાગરા

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના પહાજ ગામમાં ગત રાત્રે વરસાદી માહોલ વચ્ચે વીજળી ગુલ થયા બાદ 27 વર્ષીય વસીમ ઈકબાલ દિવાન પર છરાથી જીવલેણ હુમલો થતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. હુમલામાં વસીમના હાથ, છાતી સહિત શરીરના અન્ય ભાગોમાં વારંવાર ઘા મારવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા વસીમને પ્રથમ વાગરા, ત્યારબાદ ભરૂચ અને અંતે વડોદરા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં મોડી રાત્રે સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

બનાવને પગલે વાગરા પોલીસે તપાસ હાથ ધરી છે. આ મામલે આસિફ મહંમદ પટેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ તેમજ ગુજરાત પોલીસ



અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી હાલ ફરાર છે અને તેની શોધખોળ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

દરમિયાન ઘટનાસ્થળ પરથી હુમલામાં વપરાયેલો હોવાનું કહેવાતો છરો અને અન્ય વસ્તુઓ દેખાતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં હુમલાખોર તરીકે આસિફ પટેલનું નામ લેવામાં આવી રહ્યું છે, જોકે આ અંગે પોલીસે હજુ સત્તાવાર પુષ્ટિ કરી નથી.

### નસવાડીના કુકરદા નજીક કુકડી નદીમાં ભારે પાણીની આવક

## છોટાઉદેપુરમાં ધોધમાર વરસાદથી નદી-નાળા છલકાયા! કુકડી નદી ગાંડીતૂર

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં ધોધમાર વરસાદ વરસતા નદી-નાળા છલકાયા છે. ખાસ કરીને ડુંગર વિસ્તારમાં ભારે વરસાદ પડવાના કારણે નદીઓમાં પાણીની આવકમાં વધારો થયો છે.

નસવાડી તાલુકાના કુકરદા નજીકથી પસાર થતી કુકડી નદીમાં પણ ભારે પાણીની આવક થતાં નદી ગાંડીતૂર બની છે. નદીમાં નવા નીર આવતા આસપાસના વિસ્તારોમાં પાણીનો પ્રવાહ તેજ બન્યો છે.

છોટાઉદેપુર જિલ્લાના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદની રાહ જોવાઈ રહી હતી. ત્યારે ધોધમાર વરસાદ થતાં નદી-નાળા છલકાતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

ખેડૂતો માટે આ વરસાદ ખેતી માટે જીવનદાયી સાબિત થઈ રહ્યો છે. વરસાદના કારણે સુકાઈ રહેલા



ઉભા પાકને પણ પાણી મળતા ખેડૂતોને રાહત મળી છે. સાથે જ જિલ્લાના જળાશયો, નદી-નાળા અને નાના કોતરોમાં પાણીની આવક વધતા આગામી દિવસોમાં પાણીની સમસ્યા હળવી થવાની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

ધોધમાર વરસાદથી છોટાઉદેપુર જિલ્લામાં ચારે તરફ પાણીનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે ખેડૂતોના ચહેરા પર પણ ખુશી જોવા મળી રહી છે.

## વાગરામાં કરોડોની જમીનનો ખેલ? ખેડૂતોને બોગસ ચેક આપી દસ્તાવેજ કરાવ્યાનો આક્ષેપ

વાગરા

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ખેડૂતોની કિંમતી જમીનો મામલે મોટા પાયે છેતરપિંડીનું નેટવર્ક સક્રિય હોવાના આક્ષેપો સામે આવ્યા છે. પીસાદ અને પખાજણ સહિતના ગામોમાં કરોડો રૂપિયાની જમીનના સોદામાં ખેડૂતોને શરૂઆતમાં જંત્રી મુજબની રકમ ચૂકવી વિશ્વાસમાં લીધા બાદ બાકીની માતબર રકમ માટે બોગસ અથવા ખાતામાં બેલેન્સ ન હોય તેવા ચેક આપીને દસ્તાવેજ કરાવી લેવાયા હોવાની ફરિયાદો સામે આવી છે. આ પ્રકરણના તાર સુરત, શુકલતીર્થ, ખોજબલ અને પાદરાના ગવાસદ સુધી જોડાયેલા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. ભોગ બનેલા ખેડૂતોના જણાવ્યા મુજબ અલગ-અલગ કિસ્સાઓમાં એકસરખી મોડસ ઓપરેન્ડી જોવા મળી રહી છે. દસ્તાવેજ થયા બાદ બાકી રકમની માંગણી કરવામાં આવતા ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપ સાથે સ્થાનિક પોલીસ મથકોમાં અલગ-અલગ ફરિયાદો નોંધાઈ છે. પીસાદ ગામના હરિભાઈ અને મૂળજીભાઈની રૂ.2.59 કરોડની જમીનના સોદામાં રૂ.2.27 કરોડની રકમ બાકી હોવાના આક્ષેપ સાથે ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બીજી તરફ જંબુસરના અણખીના ખેડૂત અશોક રાવળના જમીન સોદામાં દસ્તાવેજ સમયે થોડી રકમ ચૂકવી બાકીની રૂ.72.50 લાખની રકમના બંધ ખાતાના ચેક આપવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

## 400થી વધુ ડમી સિમથી 44 સાયબર ફ્રોડ! ભરૂચ સાયબર ક્રાઈમનો મોટા નેટવર્ક પર પ્રહાર

### ડમી નંબરો પર વોટ્સએપ એક્ટિવ કરી કંબોડિયા, દુબઈ અને વિયેતનામના સાયબર ઠગોને આપતા હતા; 4 આરોપી ઝડપાયા, ₹6 કરોડથી વધુની ઠગાઈના કેસ સામે આવ્યા

ભરૂચ

ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે સાયબર ઠગોના મોટા નેટવર્કનો પર્દાફાશ કરી વડોદરા, દાહોદ અને રાજસ્થાન સાથે જોડાયેલા ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ 400થી વધુ ડમી સિમકાર્ડનો ઉપયોગ કરી વોટ્સએપ એકાઉન્ટ એક્ટિવ કરાવતા અને ત્યારબાદ આ નંબરો સાયબર ઠગોને આપતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપીઓ પોતાના મોબાઈલમાં ડમી સિમકાર્ડ નાખી વોટ્સએપ એક્ટિવેશન માટે OTP મેળવતા હતા. 400થી વધુ મોબાઈલ નંબરો પર વોટ્સએપ એકાઉન્ટ ચાલુ કર્યા બાદ આ નંબરો વિદેશમાં બેઠેલા સાયબર ઠગોને સોંપવામાં આવતા હતા. NCCRP પર તપાસ કરતાં આ ડમી નંબરો સામે કુલ 44 ફરિયાદો નોંધાયેલી હોવાનું અને તેમાં રૂ.6 કરોડથી વધુની સાયબર છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. આ નેટવર્કનો ભોગ બનેલા એક ફરિયાદી સાથે રૂ.45.22 લાખની છેતરપિંડી થઈ હતી. અજાણ્યા શખ્સે ફરિયાદીને



'Profit Strategy Room 27' નામના વોટ્સએપ ગ્રુપમાં જોડ્યો હતો. ઓનલાઈન ટ્રેડિંગમાં મોટું વળતર આપવાની લાલચ આપી 'MARK CM' એપ્લિકેશન ડાઉનલોડ કરાવી સ્ટોક માર્કેટ અને ફોરેક્સ ટ્રેડિંગના નામે રોકાણ કરાવાયું હતું. ફરિયાદી પાસેથી અલગ-અલગ સમયે કુલ રૂ.45.22 લાખ આઠ બેંક ખાતામાં જમા કરાવ્યા બાદ રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં વધુ રૂ.56.41 લાખ જમા કરાવવાની માગણી કરવામાં આવી હતી.

ત્યારબાદ છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે કે આ વોટ્સએપ નંબરોનો ઉપયોગ કંબોડિયા, દુબઈ અને વિયેતનામમાં બેઠેલા સાયબર ઠગો ભારતીય નાગરિકોનો સંપર્ક કરવા માટે કરતા હતા. સાયબર ક્રાઈમ PI કે.ડી. માંગરોલિયાની ટીમે કરણ ભાષાણી (23), સર્વેશ ઉર્ફે ગનુ પાટીલ (20), સુબોધ શર્મા ઉર્ફે રાજુ (34) અને આર્યનકુમાર ઉર્ફે લવ પંચાલ (19)ને ઝડપી ચાર મોબાઈલ ફોન સહિત રૂ.20 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. સમગ્ર નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.



### ઐશ્વર્યા લક્ષ્મી એક ડાયમંડ જ્વેલરીના એક્ઝિબિશનમાં પહોંચી હતી

# ઐશ્વર્યા લક્ષ્મીએ ફોટોગ્રાફર્સને લઈને ખુલાસો કર્યો, કહ્યુ તેઓ મારા ચહેરા પર ફોક્સ નહોતા કરતા

મુંબઈ

મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ ઐશ્વર્યા લક્ષ્મી એક ડાયમંડ જ્વેલરીના એક્ઝિબિશનમાં પહોંચી હતી. એક્ટ્રેસના આઉટફિટને લઈ સોશિયલ મીડિયા પર જોરશોરથી ચર્ચા થઈ રહી છે. સોશિયલ મીડિયા પર ટીકાનો ભોગ બનેલી એક્ટ્રેસે ચાર મહિના બાદ એક વિવાદને લઈને મૌનવ્રત તોડ્યું હતું. ટ્રોલ કરનારા ટપોરીઓ પર એક્ટ્રેસે પહેલા ફોટોગ્રાફર્સ પર ટાર્ગેટ કર્યો હતો. એક્ટ્રેસે કહ્યું કે, ઈવેન્ટમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું કે, ફોટોગ્રાફર્સ મારા ચહેરા પર કોઈ ફોક્સ કરી રહ્યા ન હતા. એક અલગ એંગલથી મારી તસવીર લઈ રહ્યા હતા. કોઈ પણ મહિલાની ક્લિવેજ શું ખરેખર દેશની સૌથી મોટી સમસ્યા છે? શું સંસ્કૃતિની વાતચીત માત્ર મહિલાની નેકલાઈન સુધી જ સિમીત છે? 'ગાર્ગી' અને 'પોન્નિયિન સેલ્વન' જેવી ફિલ્મોમાં દમદાર એક્ટિંગ કરીને માઈલસ્ટોન ઊભો કરનારી એક્ટ્રેસે જણાવ્યું હતું કે, ઈવેન્ટમાં ફોટોગ્રાફર્સને કારણે મને અસહજ લાગતુ હતું. ફોટોગ્રાફર્સ મારા ચહેરાને ફોકસ કરતા ન હતા પણ બીજા એંગલથી ફોટો ક્લિક કરતા હતા. જ્યારે તમે અસહજ મહેસુસ કરો છો ત્યારે તમારી બોડી લેંગ્વેજ બદલી જાય છે. આવું નોટિસ કરનારા ઓછા હોય છે. મને એવું લાગે છે કે, મારી પર્સનલ બાઉન્ડ્રીનું ઉલ્લંઘન થયું છે. સાચું કહું તો મને આવી કોઈ વાતથી કોઈ ફેર પડતો નથી, હું આને કોઈ રીતે ગંભીરતાથી લેતી પણ નથી. હું આવી કોઈ ટીકા ટિપ્પણીઓ પર ધ્યાન આપતી નથી. તેમ છતાં સ્પષ્ટ કહું છું કે, મારી ચોખવટમાં મારી કોઈ બચાવલક્ષી દલીલ નથી. મેં 'કીહોલ' નેકલાઈન (ગળાના ભાગે કાપાવાળી ડિઝાઈન) વાળો ડ્રેસ પહેર્યો હતો. મારા મિત્રોને તે ખૂબ ગમ્યો. તેની ડિઝાઈનમાં ગળાના ભાગે એક એવો કીહોલ હતો જેનાથી છાતીનો થોડો ભાગ દેખાતો હતો. આ એ જ જગ્યા હતી જ્યાં એક્ઝેટ ક્લિવેજ આવે એમનું ફોક્સ ક્યાંય બીજે હતું

આ પહેરતા પહેલાં મને ખ્યાલ ન હોતો કે તે કટ આટલો મોટો હશે અને ક્લિવેજ ક્લિયર દેખાશે. પણ પહેર્યા પછી તે ખૂબ જ સરસ લાગતો હતો. સામાન્ય રીતે હું મારી સખીઓના ગ્રુપ સાથે હોઉં છું. આ ડ્રેસ સાથે હીરાના ઘરેણાં પહેરવાથી મને એક અનોખો લુક મળ્યો અને મારા મિત્રોએ પણ તેના વખાણ કર્યા. પણ ડ્રેસિંગને કારણે આવું થશે એવું વિચાર્યું ન હતું.

**સોશિયલ મીડિયા પર ટીકાનો ભોગ બનેલી એક્ટ્રેસે ચાર મહિના બાદ એક વિવાદને લઈને મૌનવ્રત તોડ્યું**

# કાસ્ટિંગ ડાયરેક્ટરની શરત પર ખુશી મુખર્જીનો જવાબ

### આજકાલ ઇન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ ડાયરેક્ટરો જે કહે છે કે આમની સાથે કોમ્પ્રોમાઇઝ થશે જ, અમારી સાથે પણ આ બધું કરવું પડશે



નવી દિલ્હી

બોલીવુડની અભિનેત્રી ખુશી મુખર્જી પોતાના બોલ્ડ અંદાજ અને સ્પષ્ટ નિવેદનો માટે ખૂબ જ જાણીતી છે. આજે તે જે જગ્યાએ છે ત્યાં પહોંચવા માટે તેણે લોકોની ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. એક પોડકાસ્ટમાં ખુશી મુખર્જીએ કાસ્ટિંગ કાઉચને લઈને ચોંકાવનારી વાતો જણાવી હતી અને તેણે કહ્યું હતું કે ઘણા સારા કાસ્ટિંગ ડાયરેક્ટર્સને ઈન્ડસ્ટ્રીથી ભગાડી દેવા જોઈએ. ખુશી મુખરજીએ આગળ કહ્યું હતું કે તેને ક્યારેય એવું નથી કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કામ મેળવવા માટે છોકરીને એક મહિનાનો કોન્ટ્રેક્ટ સાઈન કરવો પડશે, પણ તેને એક મહિના સુધી સૂવું પડશે. એક્ટ્રેસે દાવો કર્યો હતો કે તેને પણ ઘણા રોલ આવતા જેમાં રોલના બદલે કોમ્પ્રોમાઇઝ કરવાની ઓફર આવતી હતી. કાસ્ટિંગ ડાયરેક્ટર્સને જડબાતોડ જવાબ આપતા ખુશીએ કહ્યું હતું કે હું તેમને કહું છું કે જો તમે મારી સાથે સૂવા ઈચ્છો છો તો એક કામ કરો. એક ડમી પર્સનને લઈ આવો. મારી ફોટોકોપી કાઢો અને તે છોકરીના ચહેરા પર લગાવી દો અને વિચારો કે તે ખુશી છે. ખુશીએ કાસ્ટિંગ ડાયરેક્ટર્સ પર ભડકતા કહ્યું આજકાલ ઈન્ડસ્ટ્રીમાં અમુક અવિનયી કાસ્ટિંગ ડાયરેક્ટરો જે કહે છે કે આમની સાથે કોમ્પ્રોમાઈઝ થશે જ, અમારી સાથે પણ આ બધું કરવું પડશે. હું તેમની માગ સાંભળીને દુઃખી છું. શું એક છોકરી કોઈ રોટેટિંગ ઓબ્જેક્ટ છે, જે અહીંથી ત્યાં દરેક જગ્યાએ 'કોમ્પ્રોમાઈઝ' કરાવવામાં આવશે.

ખુશીએ કાસ્ટિંગ ડાયરેક્ટર્સ પર ભડકતા કહ્યું આજકાલ ઈન્ડસ્ટ્રીમાં અમુક અવિનયી કાસ્ટિંગ ડાયરેક્ટરો જે કહે છે કે આમની સાથે કોમ્પ્રોમાઈઝ થશે જ, અમારી સાથે પણ આ બધું કરવું પડશે. હું તેમની માગ સાંભળીને દુઃખી છું. શું એક છોકરી કોઈ રોટેટિંગ ઓબ્જેક્ટ છે.

# થલાપતિ વિજયે સિલ્વરસ્ટોનમાં અજીત કુમારની રેસ જોઈ

### સાઉથ સ્ટાર અજીત કુમાર આ રેસમાં સામેલ હતા, જેમણે 38મું સ્થાન મેળવ્યું છે. જોકે, આ રેસ દરમિયાન થલપતિ વિજય સાથે રૂમર્ડ ગર્લફ્રેન્ડ તૃષા કૃષ્ણનની હાજરીએ ધ્યાન ખેંચ્યું છે.

હાનોઈ

તમિલનાડુના મુખ્યમંત્રી અને અભિનેતા થલપતિ વિજયે શનિવારે સિલ્વરસ્ટોનમાં મિશેલિન લે મેન્સ કપ રેસને લીલી ઝંડી બતાવીને ઉદ્ઘાટન કર્યું. સાઉથ સ્ટાર અજીત કુમાર આ રેસમાં સામેલ હતા, જેમણે 38મું સ્થાન મેળવ્યું છે. જોકે, આ રેસ દરમિયાન થલપતિ વિજય સાથે રૂમર્ડ ગર્લફ્રેન્ડ તૃષા કૃષ્ણનની હાજરીએ ધ્યાન ખેંચ્યું છે.

સોશિયલ મીડિયા પર રેસ સાથે જોડાયેલા ઘણા વીડિયો સામે આવી રહ્યા છે. કેટલાકમાં વિજય, તૃષા સાથે રેસનો આનંદ માણતા જોવા મળ્યા, કેટલાકમાં અભિનેતા અજીતને રેસ પહેલા મળતા તો ક્યારેક રેસને લીલી ઝંડી બતાવતા.

થલાપતિ વિજય અને ત્રિશા કૃષ્ણન લાંબા સમયથી અફેરની અફવાઓ વચ્ચે ચર્ચામાં છે. આ દરમિયાન વિજયની પત્નીએ ફેબ્રુઆરી 2023માં વિજય પાસેથી છૂટાછેડાની માંગણી કરતા કેસ દાખલ કર્યો હતો. PTI અનુસાર, સંગીતાએ અરજીમાં જણાવ્યું હતું કે તેના પતિનો એક અભિનેત્રી સાથે લગ્નેતર સંબંધ છે. તેને આ વિશે એપ્રિલ 2021માં જાણ થઈ હતી. જોકે, તેણે અભિનેત્રીનું નામ લીધું ન હતું.

તેણે એમ પણ જણાવ્યું હતું કે વિજયે તેને સતત માનસિક ત્રાસ આપ્યો હતો. ઉપેક્ષા કરી અને છોડી દીધી. જરૂર પડ્યે તે અભિનેત્રીને પણ કેસમાં બીજો પક્ષકાર બનાવશે.

સંગીતાનું કહેવું હતું કે તેમનો સંબંધ સંપૂર્ણપણે તૂટી ગયો છે. વિજય ભાવનાત્મક રીતે તેનાથી દૂર થઈ ગયા છે. તેની સાથે અપમાનજનક વર્તન કરતા હતા. એવી પરિસ્થિતિઓ ઊભી કરી હતી કે તેમને એક જ ઘરમાં અલગ રહેવું પડી રહ્યું હતું. તેથી સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954 હેઠળ છૂટાછેડા આપવામાં આવે.

તમિલનાડુ ચૂંટણી સમયે ચૂંટણી લડી રહેલા વિજયના અંગત મામલાને જોરશોરથી ઉછાળવામાં આવ્યો હતો. આ જ સમયે તેમની અને તૃષાની હાજરીએ પણ ખૂબ જ હેડલાઈન્સ બનાવી હતી.

વિજયે તૃષાના જન્મદિવસના દિવસે તમિલનાડુ ચૂંટણી જીતી, જેના તરત બાદ તૃષા તેમના નીલાંકરાઈ સ્થિત ઘરે પહોંચી.





# પંજાબી સિંગરના ઘરે અંધાધૂંધ ફાયરિંગ: અગાઉ મળી હતી જાનથી મારવાની ધમકી

### ત્રિશા કૃષ્ણન બધાની સામે આવી તો પાછળ હટતા દેખાયા

બરનાલા


પંજાબના પ્રખ્યાત ગાયક ગુલાબ સિદ્ધુના શનિવારે મોડી રાતે અમુક અજાણ્યા હુમલાવરોએ તેના ઘરને નિશાન બનાવી ફાયરિંગ કર્યા હોવાની ઘટના સામે આવી છે. ગુલાબ સિદ્ધુ દિવંગત ગાયક સિદ્ધુ મુસેવાલાના નજીકના મિત્ર છે. ગુલાબ સિદ્ધુના ઘરે મોડી રાતે અજાણ્યા હુમલાખોરોએ આડેધડ ગોળીબાર કર્યો હતો. આ સમગ્ર ઘટના બરનાલા જિલ્લાના ફરવાહી ગામમાં બન્યા પછી આસપાસના રહેવાસી લોકોમાં ડરનો માહોલ ઊભો થયો હતો.

અગાઉ પણ ધમકીઓ આપી હતી આ ફાયરિંગની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ સીસીટીવી ફુટેજમાં હુમલાવરો ગુલાબ સિદ્ધુના ઘર બહાર ફાયરિંગ કરતા જોવા મળી રહ્યા છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જાણકારી અનુસાર અગાઉ પણ ગુલાબ સિદ્ધુને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી ચુકી છે. ફાયરિંગ સમયે ઘર પર હાજર નહોતા પોલીસના જણાવ્યા અનુસાર ઘટનાના સમયે સિદ્ધુ ઘરે હાજર નહોતા, જોકે તેના પરિવારના સભ્યો ઘરે હાજર હતા. ઘટનામાં કોઈ પણ વ્યક્તિના ઈજાગ્રસ્ત થવાની સૂચના મળી નથી. પોલીસના જણાવ્યા મુજબ ત્રણેય આરોપીઓ બુકાનીના વેશમાં હતા અને બાઈક પર સવાર થઈને સિદ્ધુના ઘરે પહોંચ્યા હતા, તેમાં વાહનચાલક વ્યક્તિના હાથમાં મોબાઈલ હતો અને તે વીડિયો બનાવી રહ્યો હતો અને અન્ય બે લોકોએ ફાયરિંગ કર્યું હતું. પ્રાથમિક તપાસ અનુસાર હુમલાખોરોએ લગભગ છ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીઓ ઘરના મુખ્ય ગેટ પર લાગી હતી. પોલીસે કહ્યું કે હુમલાખોરોની ઓળખ અને અટકાયત માટે તપાસ શરૂ છે. આસપાસ લાગેલા અન્ય સીસીટીવી કેમેરામાં ફૂટેજની ચકાસણી પર થઈ રહી છે જેથી આરોપીઓ વિશે કોઈ પુરાવાઓ મળી શકે. પોલીસના જણાવ્યા અનુસાર પંજાબી ગાયક ગુલાબ સિદ્ધુએ પહેલા જ પંજાબ પોલીસ તરફથી બે સુરક્ષાકર્મીઓ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

# ‘હિંસા નહીં, કાશ્મીરની સુંદરતા બતાવો’... AR રહેમાને ફિલ્મમેકર્સને કરી ખાસ અપીલ

મુંબઈ

બોલિવૂડની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મ્યુઝિકની દુનિયામાં માઈલસ્ટોન કહી શકાય એવા સંગીતકાર એ.આર. રહેમાનની જ્યારે પણ વાત થાય છે ત્યારે એની ગીતનું આખું લીસ્ટ તાજા થઈ જાય છે. ઓસ્કોર વિનર સંગીતકારે માત્ર હિન્દી જ નહીં પણ તમિલ, તેલુગુ અને કન્નડ ભાષાની ફિલ્મમાં પણ પોતાનું સંગીત પીરસ્યું છે. ફિલ્મમેકર્સને એક અપીલ કરતા સંગીતકારે એક મહત્ત્વની વાત કહી દીધી છે. રહેમાન હાલમાં કાશ્મીરના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે મીડિયા સાથેની ટૂંકી મુલાકાતમાં જણાવ્યું હતું કે, કાશ્મીર એક બેસ્ટ રાજ્ય છે. અહીંયાની પ્રકૃતિ પણ અદભૂત છે. જમ્મુ અને કાશ્મીરને લઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ અંગે વાત કરતા એક શાનદાર પહેલ મેકર્સને કરી છે. સંગીતકારે જણાવ્યું હતું કે, આ ફિલ્મ ફેસ્ટિવલથી લોકોને કાશ્મીરની ખૂબસુરતી, સંસ્કૃતિ અને અહીંયાની કલા અંગે વધારે જાણવા-જોવા મળશે. આ એક શ્રેષ્ઠ શરૂઆત છે. હું ઈચ્છું કે, કાશ્મીરમાં યોજાનારો આ ફિલ્મ ફેસ્ટિવલ સૌથી બેસ્ટ ફિલ્મ ફેસ્ટિવલ બની જાય. ગાયકે આશા વ્યક્ત કરી હતી કે, જમ્મુ અને કાશ્મીરમાં યોજનાર આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ લોકપ્રિયતા મેળવશે. આ મહોત્સવ કાશ્મીરને વૈશ્વિક ઓળખ અપાવશે અને તેની સુંદરતાને વિશ્વ સમક્ષ રજૂ કરશે. કાશ્મીરનું પ્રાકૃતિક સૌંદર્ય અને શાંત વાતાવરણ તેને ફિલ્મ નિર્માતાઓ અને કલાકારો માટે એક ઉત્તમ સ્થળ બનાવે છે. તેઓ નજીકના ભવિષ્યમાં કાશ્મીરમાં કોન્સર્ટ કરી શકે છે. તેઓ ત્યાં એક લાઈવ કોન્સર્ટ યોજવાનું આયોજન કરી રહ્યા છે. અમારી પાસે કેટલીક યોજનાઓ છે અને અમે તેના પર ચર્ચા કરી રહ્યા છીએ. હું અહીં આવીને પરફોર્મ કરવા માંગુ છું. હિંસા કે ભૂતકાળની સમસ્યાઓ દર્શાવવાને બદલે, ફિલ્મોમાં કાશ્મીરની સુંદરતા રજૂ થવી જોઈએ.



## દિલ્હીમાં મેચ છતાં ટીમ ઈન્ડિયા વિદેશી હશે, પિચ પણ અફઘાન ટીમ નક્કી કરશે

# ભારતીય ક્રિકેટના 94 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર અનોખી સિરીઝ

વોશિંગ્ટન

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ ટી-20 મેચોની સિરીઝ આજથી શરૂ થઈ રહી છે. ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. મુકાબલા ભલે ભારતમાં રમાઈ રહ્યા હોય, પરંતુ આ સિરીઝમાં હોમ ટીમ અફઘાનિસ્તાન હશે અને ભારતીય ટીમ વિઝિટર્સ હશે.

આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ આ સિરીઝનું યજમાન છે. સુરક્ષા કારણોસર અફઘાનિસ્તાન પોતાના દેશમાં મેચ રમાડી શકતું નથી, તેથી તેની હોમ મેચો ભારત અથવા UAEમાં થાય છે. ટીમ ઈન્ડિયા માટે આ એક નવો અનુભવ હશે. ભારતીય ક્રિકેટના 94 વર્ષના ઈતિહાસમાં આ પહેલો પ્રસંગ છે જ્યારે તે ઘરમાં મેચ રમશે પરંતુ હોમ ટીમ નહીં હોય. આ બદલાવની મેચો અને સિરીઝના અલગ-અલગ પાસાઓ પર શું અસર થશે, તેને 6 પ્રશ્નો દ્વારા જાણીએ




પિચ અરુણ જેટલી સ્ટેડિયમના ક્યુરેટર્સ જ બનાવી રહ્યા છે. હોમ ટીમને પિચ પોતાના ફાયદા મુજબ બનાવવાનો અધિકાર હોય છે. અફઘાનિસ્તાન હોમ ટીમ છે તેથી તેનું મેનેજમેન્ટ પિચને લઈને પોતાની માંગણી રાખી શકે છે. જોકે, આ પહેલો પ્રસંગ નથી જ્યારે અફઘાનિસ્તાનની ટીમ ભારતની કોઈ પિચ પર પોતાની હોમ મેચ રમવાની હોય. આ પહેલા તે ત્રણ અન્ય સ્ટેડિયમમાં પણ પોતાની ઘરેલું આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકી છે. આ મેચોમાં અફઘાન ટીમે મોટાભાગે સ્પિનને મદદરૂપ પિચો બનાવી છે. વચ્ચે-વચ્ચે તેણે બેટિંગ ફ્રેન્ડલી પિચો પણ તૈયાર કરાવી છે. હોમ ટીમના કેપ્ટન સિક્કો ઉછાળે છે અને વિઝિટિંગ ટીમના કેપ્ટન હેડ કે ટેલ પસંદ કરે છે. તેથી મેચ પહેલા અફઘાનિસ્તાનનો કેપ્ટન સિક્કો ઉછાળશે અને ભારતીય કેપ્ટન હેડ કે ટેલ બોલશે. આ સિરીઝમાં અફઘાનિસ્તાનની કપ્તાની ઈબ્રાહિમ ઝાદરાન કરશે. ભારતની કમાન શ્રેયસ ઐયરના હાથમાં છે. અરુણ જેટલી સ્ટેડિયમમાં હોમ અને વિઝિટિંગ ટીમ માટે અલગ ડ્રેસિંગ રૂમ છે. આ શ્રેણીમાં હોમ ડ્રેસિંગ રૂમ અફઘાનિસ્તાનને અને વિઝિટર્સ ડ્રેસિંગ રૂમ ભારતને મળશે. હોમ ડ્રેસિંગ રૂમ પૂર્વ ભારતીય ક્રિકેટર રમન લાંબાના નામ પર છે. વિઝિટર્સ ડ્રેસિંગ રૂમ પૂર્વ ભારતીય ખેલાડી પ્રકાશ ભંડારીના નામ પર છે.

## ભારત જુનિયર વુમન્સ એશિયા કપની ફાઇનલમાં

બીજિંગ

ચીનમાં રમાઈ રહેલા AHF જુનિયર વુમન્સ એશિયા કપની સેમિફાઇનલમાં ભારતે સાઉથ કોરિયાને 5-1થી હરાવ્યું. આ જીત સાથે ભારતીય જુનિયર વુમન્સ હોકી ટીમ ફાઇનલમાં પહોંચી ગઈ. ડ્રેગ ફ્લિકર સુપ્રિયાએ હેટ્રિક ફટકારી. સુપ્રિયાએ પોતાના ત્રણેય ગોલ પેનલ્ટી કોર્નર પર કર્યા. ભારતનો મુકાબલો હવે ચીન અને જાપાન વચ્ચેની બીજી સેમિફાઇનલના વિજેતા સાથે થશે. ભારત અને સાઉથ કોરિયાએ મેચની શરૂઆત સાવચેતીપૂર્વક કરી. ભારતે 13મી મિનિટે પહેલો ગોલ કર્યો. મધુ સિદરે શાનદાર



ફિલ્ડ ગોલ કરીને ભારતને 1-0ની લીડ અપાવી. બીજા ક્વાર્ટરમાં ભારતે કોરિયન ગોલ પર સતત હુમલા કર્યા. ભારતને 17મી મિનિટે પેનલ્ટી કોર્નર મળ્યો. સુપ્રિયાએ આ તકને ગોલમાં ફેરવીને ટીમની લીડ 2-0 કરી દીધી. ભારતે બોલ પર નિયંત્રણ જાળવી રાખ્યું. 21મી મિનિટે ભારતીય વિંગરે કોરિયન ગોલના 23 મીટરની અંદર હવામાં આવેલા બોલને પકડ્યો. તેણે સર્કલની અંદર શાનદાર ક્રોસ આપ્યો. સુખવીરે તેને ગોલમાં ફેરવીને ભારતનો સ્કોર 3-0 કરી દીધો. ભારતને 33મી મિનિટે વધુ એક પેનલ્ટી કોર્નર મળ્યો. સુપ્રિયાએ તેને ગોલમાં ફેરવીને ભારતને 4-0થી આગળ કરી દીધું.

### ટીમ અંગે ચર્ચા તો કરવી જ પડશે: બાબર

## ઈંગ્લેન્ડે પાકિસ્તાનને 3-0 થી કચડી નાખતા બાબર આઝમનું દર્દ છલકાયું

ઈસ્લામાબાદ

ઈંગ્લેન્ડ સામે 0-3થી ક્લીન સ્વીપ થયા બાદ પાકિસ્તાની કપ્તાન બાબર આઝમનું દર્દ છલકાયું છે. બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર ત્રીજી ટેસ્ટમાં 8 વિકેટથી હાર મળ્યા બાદ બાબરે ટીમ સિલેક્શન અને પ્લેઈંગ ઈલેવનને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્વીકાર્યું કે મેનેજર, સિલેક્ટર અને કપ્તાને સાથે બેસીને ભૂલો સુધારી એક મજબૂત ટીમ બનાવવી પડશે. યુવા રજાઉલ્લાહનું પદાર્પણ સકારાત્મક રહ્યું. ઈંગ્લેન્ડ સામેની 3 ટેસ્ટ મેચોની સીરિઝમાં



પાકિસ્તાની ટીમનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું છે અને ટીમને એક પણ જીત મળી શકી નથી. ઈંગ્લેન્ડ સામે 0-3 થી ક્લીન સ્વીપ થયા બાદ પાકિસ્તાની કપ્તાન બાબર આઝમનું દર્દ છલકાયું છે અને તેમણે ટીમ સિલેક્શન તથા પ્લેઈંગ ઈલેવનને લઈને મોટું નિવેદન આપ્યું છે. બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર રમાયેલી સીરિઝની ત્રીજી ટેસ્ટમાં 8 વિકેટથી હાર મળ્યા બાદ બાબરે સ્પષ્ટ કર્યું કે હવે ટીમએ પોતાની ભૂલો પર બેસીને ચર્ચા કરવી પડશે. બાબર આઝમના મતે ટીમ મેનેજમેન્ટ, પસંદગીકારો અને કપ્તાને સાથે બેસીને વર્તમાન સ્થિતિનું આકલન કરવું પડશે. તેમણે સ્વીકાર્યું કે પાકિસ્તાને પોતાની ભૂલોથી શીખવાની સાથે એક મજબૂત અને સ્પષ્ટ પ્લેઈંગ ઈલેવન તૈયાર કરવાની ખૂબ જ મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે. તેમણે જણાવ્યું હતું કે મેનેજર, સિલેક્ટર અને હું પોતે સાથે બેસીને અમારી સર્વશ્રેષ્ઠ ઈલેવન પર નિર્ણય કરીશું.

# બુમરાહે વૈભવ સૂર્યવંશી સામે બદલો લીધો

### IPLની સિક્સનો હિસાબ બરાબર કર્યો, આક્રમક અંદાજ સાથે લાંબા સમય પછી મેદાન પર વાપસી

નવી દિલ્હી

દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયા અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણી માટે જોરશોરથી પ્રેક્ટિસ કરી રહી છે. શુક્રવારે સાંજે નેટ પ્રેક્ટિસ દરમિયાન કંઈક એવું બન્યું જેણે બધાનું ધ્યાન ખેંચ્યું. ઈજા બાદ લાંબા સમય પછી મેદાન પર વાપસી કરી રહેલા જસપ્રીત બુમરાહ પૂરા જોશમાં હતા. બુમરાહથી 17 વર્ષ નાના વૈભવ સૂર્યવંશી તેમની સામે બેટિંગ કરી રહ્યા હતા. દુનિયાના સૌથી ખતરનાક બોલર બુમરાહને IPLમાં વૈભવ સૂર્યવંશીએ છગ્ગો ફટકારીને બધાને ચોંકાવી દીધા હતા. પરંતુ આ વખતે બુમરાહે તેનો બદલો લીધો. નેટ્સ પર બધાની નજર ત્યારે ટકી ગઈ જ્યારે



બુમરાહે વૈભવ સામે બોલિંગ કરવાનું શરૂ કર્યું. બુમરાહે આવતા જ એક ખતરનાક યોર્કર નાખી જે સીધી વૈભવના બૂટ તરફ ગઈ. જોકે બોલ લેગ સ્ટમ્પથી થોડો બહાર રહ્યો, પરંતુ તેનાથી બુમરાહના ઈરાદા સ્પષ્ટ થઈ ગયા હતા. ત્યારબાદ બુમરાહે એક શાનદાર ગુડ-લેન્થ બોલ નાખ્યો જે બહારની તરફ નીકળ્યો. આ બોલે વૈભવને સંપૂર્ણપણે ચકમો આપી દીધો અને તેમની પાસે તેનો કોઈ જવાબ નહોતો. બુમરાહે ફરી એકવાર સચોટ યોર્કર ફેંકી. આ વખતે વૈભવ કોઈક રીતે પોતાનું બેટ અડાડીને પોતાને બચાવવામાં સફળ રહ્યા. જસપ્રીત બુમરાહે ફરી એક ગુડ-લેન્થ બોલ ફેંક્યો, જેણે વૈભવના બેટની કિનારી લીધી. જો પાછળ કોઈ વિકેટકીપર હોત તો તે એક સરળ કેચ હતો. બુમરાહે તેના પર જોરદાર અપીલ કરી અને સાથે જ ઉજવણી પણ કરી. બુમરાહે IPLનો બદલો લીધો આખી સિઝનમાં માત્ર એક જ વાર એવું બન્યું કે વૈભવ બુમરાહની કોઈ બોલ પર સારો શોટ રમી શક્યો, નહીં તો બુમરાહે તેને ખૂબ પરેશાન કર્યો.



### ઓએમઓ મારફત રૂ. એક લાખ કરોડ પાછા ખેંચાશે

# લિક્વિડિટી પાછી ખેંચવા RBI બોન્ડ બહાર પાડશે

મુંબઈ

મુંબઈ : ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને પરિણામે દેશની નાણાં વ્યવસ્થામાં ઊભી થયેલી અભૂતપૂર્વ લિક્વિડિટીના સંચાલન માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ રૂપિયા એક લાખ કરોડના સરકારી બોન્ડ જારી કરવાનો નિર્ણય કર્યો છે. ઓપન માર્કેટ ઓપરેશન (ઓએમઓ) મારફત આ લિક્વિડિટી પાછી ખેંચાશે. ૧૭, ૨૧ તથા ૨૮ સપ્ટેમ્બરના જારી કરાનારા આ બોન્ડ ત્રણથી પાંચ વર્ષની મુદતના હશે. એફસીએનઆર-બી સ્કીમ હેઠળ બેન્કોએ ૧૨૭ અબજ ડોલર ઊભા કર્યા છે. જેને કારણે નાણાં વ્યવસ્થામાં જંગી લિક્વિડિટી




ઊભી થઈ છે. સદર સ્કીમ હેઠળ ડોલરના જંગી ઈન્ફલો ખર્ચાળ સાબિત થશે તેવી દલીલને આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ નકારી કાઢી હતી અને જણાવ્યું હતું કે આ ઈન્ફલોને પરિણામે રિઝર્વ બેન્કને વધારાની આવક ઊભી થશે. પ્રાપ્ત થયેલા ડોલરનું રિઝર્વ બેન્ક વિદેશમાં રોકાણ કરશે અને તેના પર આવક મેળવશે એમ તેમણે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું.

વધુ પડતી લિક્વિડિટીથી બેન્કો ધિરાણ દરમાં ઘટાડો કરશે જેને કારણે ફુગાવો વધવાનું જોખમ ઊભુ થશે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે. મુંબઈ : ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને પરિણામે દેશની નાણાં વ્યવસ્થામાં ઊભી થયેલી અભૂતપૂર્વ લિક્વિડિટીના સંચાલન માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ રૂપિયા એક લાખ કરોડના સરકારી બોન્ડ જારી કરવાનો નિર્ણય કર્યો છે.


ઓપન માર્કેટ ઓપરેશન (ઓએમઓ) મારફત આ લિક્વિડિટી પાછી ખેંચાશે.

### ક્રૂડ ઓઇલ 100 ડોલર પાર થવાથી મોંઘવારી વધશે

# SBIનો દાવો-લોન અને EMI ફરી મોંઘી થશે: RBI 0.50% સુધી રેપો રેટ વધારી શકે છે

મુંબઈ

આવનારા દિવસોમાં તમારી હોમ લોન અને કાર લોન મોંઘી થઈ શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ રિસર્ચ રિપોર્ટમાં દાવો કર્યો છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા રેપો રેટમાં વધારો કરી શકે છે. રિપોર્ટ મુજબ, RBI ઓક્ટોબરની ક્રેડિટ પોલિસીમાં રેપો રેટ 0.25% વધારી શકે છે, ત્યારબાદ ડિસેમ્બરમાં પણ આટલો જ વધારો કરી શકે છે. એટલે કે 0.50% સુધી રેપો રેટ વધી શકે છે. હાલમાં ઓગસ્ટમાં યોજાયેલી મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં RBIએ રેપો રેટને સતત ચોથી વખત 5.25% પર સ્થિર રાખ્યો હતો. જોકે, હવે 5 થી 7 ઓક્ટોબર વચ્ચે યોજાનારી આગામી MPC બેઠકમાં દરો વધારવાનું




લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા: મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે 15 દિવસમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ 100 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે અને તેના $105-$123 સુધી પહોંચવાની આશંકા છે.

2. મોંઘવારીનો વ્યાપ વધ્યો: દેશમાં મોંઘવારીનો વ્યાપ સતત વધી રહ્યો છે. CPI એટલે કે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં 90% હિસ્સેદારી ધરાવતી આવશ્યક ચીજવસ્તુઓની સંખ્યા જાન્યુઆરી 2026માં 22 હતી, જે જુલાઈ સુધીમાં વધીને 53 થઈ ગઈ છે. પેટ્રોલ-ડીઝલ, ગેસ, દવાઓ અને ઈલેક્ટ્રોનિક્સ બનાવવાનો ખર્ચ વધ્યો છે, જેની સીધી અસર જનતાના ખિસ્સા પર પડી રહી છે. 3. RBIને સલાહ: રિપોર્ટમાં મોંઘવારી પર અંકુશ લગાવવા માટે RBIને રેપો રેટ વધારવાની સલાહ આપવામાં આવી છે. આ નિર્ણય અમેરિકી નીતિઓથી નહીં, પરંતુ દેશની આંતરિક આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે.

### મસ્ક-ઓલ્ટમેને સમર્થન આપ્યું; રિસર્ચરની ચેતવણી- 2 વર્ષમાં માનવતા પર જોખમ

# AI ડેવલપમેન્ટની ગતિ ધીમી કરવામાં આવે: એન્થ્રોપિક ચીફનું નિવેદન

### અમોડેઈએ તેમના નવા નિબંધ 'વી મસ્ટ પેસ ધ ફ્રન્ટિયર'માં જણાવ્યું કે AIના જોખમો ગંભીર છે અને કંપનીઓ તથા સરકારોને તેનો સામનો કરવા માટે સમય જોઈએ છે

મુંબઈ

AI કંપની એન્થ્રોપિકના વડા ડેરિયો અમોડેઈએ AI મોડલ્સ વિકસાવવાની ગતિ ધીમી કરવા અને તેની કડક મોનિટરિંગની જરૂરિયાત જણાવી છે. અમોડેઈએ તેમના નવા નિબંધ 'વી મસ્ટ પેસ ધ ફ્રન્ટિયર'માં જણાવ્યું કે AIના જોખમો ગંભીર છે અને કંપનીઓ તથા સરકારોને તેનો સામનો કરવા માટે સમય જોઈએ છે. આ મુદ્દે ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન અને XAIના માલિક ઈલોન મસ્કે પણ તેમનું સમર્થન કર્યું છે. બીજી તરફ હાલમાં એન્થ્રોપિક છોડી ચૂકેલા એક રિસર્ચરે ચેતવણી આપી હતી કે જો ગતિ ધીમી કરવામાં નહીં આવે, તો આગામી બે વર્ષમાં માનવ અસ્તિત્વ પર સંકટ આવી શકે છે. ડેરિયો અમોદેઈએ કહ્યું છે કે AI મોડલ્સના વિકાસની ગતિ



ધીમી કરવી જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ AIના રિસર્ચ કે તાલીમને સંપૂર્ણપણે રોકવાના પક્ષમાં નથી, પરંતુ તેમનો ઉદ્દેશ્ય છે કે કંપનીઓ પોતાના મોડલ્સને સુરક્ષિત અને સુમેળભર્યું કરવા માટે પૂરતો સમય લે. અમોદેઈએ કંપનીઓ અને સરકારોને અપીલ કરી છે કે તેઓ સુરક્ષા ધોરણોની તપાસ કર્યા પછી જ આગળના પગલાં ભરે. જ્યારે AI મોડલ વિકસાવવામાં આવી રહ્યા હોય, ત્યારે થર્ડ-પાર્ટી અથવા સ્વતંત્ર એજન્સીઓ તેમની સુરક્ષાનું મૂલ્યાંકન કરે. એટલે કે, જ્યારે કોઈ કંપની નવું AI મોડલ બનાવે, ત્યારે તે પોતે જ નક્કી ન કરે કે તેની સિસ્ટમ સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેના બદલે કોઈ નિષ્પક્ષ, બાહ્ય નિષ્ણાત એજન્સી તે AI ની તપાસ કરે. તે જુએ કે મોડલમાં કોઈ એવી ખામી તો નથી ને જેનાથી તે સાયબર હુમલો કરી શકે અથવા મનુષ્યોના કાબૂ બહાર થઈ જાય. AI કંપનીઓ સ્વેચ્છાએ એકસાથે મળીને સુરક્ષાના ધોરણો નક્કી કરે. એટલે કે, સરકાર દ્વારા બનાવેલા કાયદાની રાહ જોયા વિના, AI બનાવતી તમામ મુખ્ય કંપનીઓ એક ટેબલ પર બેસે. તેઓ પોતે મળીને નક્કી કરે કે કોઈ પણ કંપની સુરક્ષા સાથે સમાધાન કરીને ઉતાવળમાં કાચું કે ખતરનાક મોડલ બજારમાં નહીં ઉતારે.

# બેંકોમાં આ અઠવાડિયે 4 દિવસની રજા

- **14 થી 20 સપ્ટેમ્બર સુધી શહેરો પ્રમાણે SBI, HDFC, ICICI અને PNB બેંકો બંધ**

મુંબઈ

જો આ અઠવાડિયે તમારે બેંક જઈને કોઈ જરૂરી કામ પતાવવાનું હોય, તો ઘરેથી નીકળતા પહેલા રજાઓની યાદી ચોક્કસ તપાસી લો. 14 સપ્ટેમ્બરથી 20 સપ્ટેમ્બરની વચ્ચે દેશના અલગ-અલગ શહેરોમાં બેંકો 4 દિવસ બંધ રહેશે.

જોકે, આ બધી રજાઓ આખા દેશમાં એકસાથે લાગુ નહીં પડે, પરંતુ ઘણી જગ્યાએ પ્રાદેશિક તહેવારો મુજબ બેંકો બંધ રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની રજાઓની સત્તાવાર યાદી અનુસાર, આ સમયગાળા દરમિયાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, HDFC બેંક, ICICI બેંક અને પંજાબ




નેશનલ બેંક સહિત તમામ સરકારી અને ખાનગી બેંકોમાં કામકાજ પ્રભાવિત રહેશે.

# BRTS-AMTSના ડ્રાઈવરની બબાલ : બસોને રોકી મુસાફરોને ઉતાર્યા

## ઈસ્કોન ચાર રસ્તા પાસે BRTSને AMTSના ડ્રાઈવરે ઓવરટેક કરતા બબાલ, બસોની લાઈનો લાગી



■ વિવાદ વધતાં બસ ચાલકોએ અન્ય બસોને પણ રોકી દીધી હતી અને મુસાફરોને બસમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા, વ્યસ્ત સમયે મુસાફરોને ભારે હાલાકી પડી હતી

અમદાવાદ

અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા ઈસ્કોન ક્રોસ રોડ નજીક જાહેર પરિવહન સેવાની ઘોર બેદરકારી અને ડ્રાઈવરોની દાદાગીરીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સ્માર્ટ સિટી અમદાવાદના રસ્તાઓ પર રોજેરોજ લાખો મુસાફરોને મંજિલ સુધી પહોંચાડતી AMTS અને BRTS બસના ડ્રાઈવરો વચ્ચે નજીવી બાબતે ઉગ્ર માથાકૂટ સર્જાતાં જાહેર પરિવહનના પૈડાં થંભી ગયા હતા. આ ઘર્ષણને કારણે ઈસ્કોન ફ્લાયઓવર અને કોરિડોર નજીક ટ્રાફિક જામની ગંભીર સ્થિતિ નિર્માણ પામી હતી.

મળતી વિગતો અનુસાર, BRTS કોરિડોરમાં AMTS બસના ડ્રાઈવરે અચાનક જ રોંગ સાઈડમાં ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. સાંકડા કોરિડોરમાં AMTS ચાલકની આ જોખમી અને બેદરકાર ઓવરટેકિંગને કારણે BRTS બસના ડ્રાઈવરો ઉશ્કેરાઈ ગયા હતા. બંને પક્ષ વચ્ચે બોલાચાલી શરૂ થઈ અને જોતજોતામાં મામલો અત્યંત બિચકી ગયો હતો. તણાવ એટલો વધી ગયો કે AMTS બસનો ડ્રાઈવર પોતાની બસને BRTS કોરિડોરની વચોવચ મૂકીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મુસાફરોને અધવચ્ચે ઉતારી દેવાયા, નોકરીયાતો હેરાન-પરેશાન! AMTS ડ્રાઈવર બસ મૂકીને જતો રહેતાં કોરિડોર સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો. આથી ક્રોધે ભરાયેલા BRTS ડ્રાઈવરોએ અન્ય બસો પણ સ્થળ પર જ રોકી દીધી હતી. ડ્રાઈવરોએ બસોમાં સવાર મુસાફરોને તાત્કાલિક નીચે ઉતારી દીધા હતા.

સવારના સમયે પોતપોતાની નોકરી, ધંધા કે કોલેજ જવા નીકળેલા સો-સો મુસાફરો રસ્તા વચ્ચે અટવાઈ પડ્યા હતા. ડ્રાઈવરોની આંતરિક લડાઈ અને ગેરવર્તણૂકના કારણે નિર્દોષ જનતાને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો.

જાહેર રસ્તા પર બસો અટકી જતાં અને મુસાફરોનો આક્રોશ વધતાં સમગ્ર ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા જ સ્થાનીક પોલીસ તાબડતોબ ઈસ્કોન ક્રોસ રોડ ખાતે પહોંચી ગઈ હતી. આ સાથે જ AMTS અને અમદાવાદ જનમાર્ગ લિમિટેડ (BRTS) ના ઉચ્ચ અધિકારીઓ તથા વિજિલન્સની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી.

અધિકારીઓ અને પોલીસે સ્થળ પર પહોંચીને મામલો થાળે પાડ્યો હતો અને અડચણરૂપ બસોને દૂર કરાવી વાહનવ્યવહાર તથા બસ સેવા પૂર્વવત કરાવી હતી. વિજિલન્સ ટીમ દ્વારા આ બેદરકાર અને બસ મૂકીને ભાગી જનાર AMTS ડ્રાઈવર સામે કડક કાયદાકીય અને શિસ્તભંગના પગલાં લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ LCBનો ઘાતક સપાટો

## માસુમિયતના ઓથાર હેઠળ ગુનાખોરીનો કાળો કારોબાર

અમદાવાદ

અમદાવાદમાં મહિલાઓની સુરક્ષા પર ત્રાટકતા અને કાયદાને ખિસ્સામાં લઈને ફરતા લૂંટારુઓ સામે અમદાવાદ પોલીસના ઝોન-5 LCB (લોકલ ક્રાઈમ બ્રાંચ) ની ટીમે કડક અને મોટી કાર્યવાહી કરી છે. નિર્દોષ અને માસુમ સગીર વયના બાળકને આગળ ધરીને શહેરમાં સિરીયલ ચેઈન સ્નેચિંગની ઘટનાઓને અંજામ આપતી બે રીઢા આરોપીઓની શાતિર ગેંગને LCBની ટીમે રડારમાં લઈને દબોચી લીધી છે.

અમદાવાદના અલગ-અલગ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી રાહદારી મહિલાઓના ગળામાંથી ક્ષણાર્ધમાં સોના-ચાંદીની ચેઈન અને મંગળસૂત્ર આંચકીને ફરાર થઈ જતી ગેંગે આતંક મચાવ્યો હતો. આ શાતિર ગુનેગારોની મોડસ ઓપરેન્ડી એટલી ખતરનાક હતી કે પોલીસ કે સીસીટીવી કેમેરામાં કોઈ શંકા ના જાય તે માટે તેઓ પોતાની સાથે એક સગીર વયના બાળકને રાખતા હતા!

બાઈકની વચ્ચે અથવા પાછળ સગીરને બેસાડીને આ આરોપીઓ લૂંટની ઘટનાને અંજામ આપતા હતા, જેથી પોલીસ તંત્રને લાગે કે કોઈ પરિવાર જઈ રહ્યો છે. માસુમિયતની આ આડમાં આ રીઢા ગુનેગારો અત્યાર સુધી અનેક તસ્કરીઓ આચરી ચૂક્યા હતા.

ઝોન-5 LCBની ટીમને ચોક્કસ બાતમી અને સીસીટીવી ફુટેજના એનાલિસિસ આધારે સફળતા મળી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોનું નેટવર્ક સક્રિય કરીને ઘેરાબંધી કરી હતી અને કિંગપિન સહિત 2 રીઢા આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. LCBએ મુખ્ય 2 રીઢા આરોપીઓની અટકાયત કરી છે અને તેમની સાથે રહેલા સગીરને કાયદાના વિરોધમાં આવેલા બાળ તરીકે કાયદેસરની કાર્યવાહી હેઠળ લીધો છે.

આરોપીઓ પાસેથી લૂંટમાં વપરાયેલું બાઈક, આંચકેલી સોનાની ચેઈન અને અન્ય મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અન્ય ગુના ઉકેલાવાની શક્યતા: પ્રાથમિક પૂછપરછમાં જ અમદાવાદના વિરાટનગર, નિકોલ, ઓઢવ અને બાપુનગર સહિતના વિસ્તારોમાં આચરેલી સ્નેચિંગની કેટલીક ઘટનાઓના ભેદ ઉકેલાયા છે.

## સાબરમતી નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો, હાથ પર લખ્યું -'મેરે પાપા કો મેરી બોડી પહુંચા દેના'

અમદાવાદ

અમદાવાદની સાબરમતી નદીમાંથી આજે વહેલી સવારે એક પુરુષનો તરતો મૃતદેહ મળ્યો છે. ફાયર વિભાગે મૃતદેહ બહાર કાઢતા હાથ પર 'મેરે પાપા કો મેરી બોડી પહોચા દેના' અને મોબાઈલ નંબર લખેલો હતો. પોલીસ તપાસમાં મૃતક રાજસ્થાનના ડુંગરપુરનો રોહિત પ્રજાપતિ હોવાનું ખુલ્યું. પરિવારે મૃતદેહ સ્વીકાર્યો છે.

ગઈકાલે જમાલપુર પાસેથી માનવ કંકાલ પણ મળ્યું હતું, જેની તપાસ ચાલુ છે. સાબરમતી નદીમાં આજે (13મી સપ્ટેમ્બર) વહેલી સવારે પુરૂષનો તરતો મૃતદેહ જોવા મળતા ફાયર વિભાગ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. રિવર રેસ્ક્યુ ટીમે મૃતદેહને પાણીમાંથી બહાર કાઢીને તપાસ કરી ત્યારે તેની પાસેથી કોઈ ઓળખના દસ્તાવેજ મળ્યા ન હતા. હાલ આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

'ધણીવાળા ટ્રેડર્સ'માંથી બ્રાન્ડેડ બ્રાન્ડના ડબ્બા જપ્ત

## અમદાવાદના રખિયાલમાં નકલી તેલના કૌભાંડનો પર્દાફાશ

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રખિયાલ ખાતેથી લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતું અને નામચીન બ્રાન્ડના નામે નકલી ખાદ્યતેલ વેચવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એક દુકાન પર દરોડા પાડીને પોલીસે બ્રાન્ડેડ કંપનીના નામે વેચાતો નકલી તેલનો જથ્થો ઝડપી પાડ્યો છે.



મળતી વિગતો અનુસાર, રખિયાલ વિસ્તારમાં આવેલા ધણીવાળા ટ્રેડર્સ નામના વેપારી અડ્ડા પર એન.કે. પ્રોટીન કંપનીના જાણીતા 'તિરુપતિ કપાસિયા તેલ' (Tirupati Cottonseed Oil) ના નામે ડુપ્લીકેટ અને નકલી તેલના ડબ્બાઓનું વેચાણ થઈ રહ્યું હોવાની ચોક્કસ માહિતી મળી હતી.

માહિતીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરતાં દુકાનમાંથી મોટી માત્રામાં બ્રાન્ડેડ પેકિંગ જેવા જ દેખાતા નકલી તેલના ડબ્બાઓ મળી આવ્યા હતા. પોલીસે તમામ શંકાસ્પદ અને નકલી તેલના ડબ્બાઓ કબજે કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

આ સમગ્ર કૌભાંડમાં 'ધણીવાળા ટ્રેડર્સ'ના સંચાલક અમિત કુશવાહ સામે રખિયાલ પોલીસ સ્ટેશનમાં કોપીરાઈટ એક્ટ (Copyright Act) તેમજ અન્ય સંબંધિત કલમો હેઠળ વિધિવત ફરિયાદ નોંધી ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મૂળ બ્રાન્ડની પેકિંગ શૈલી, ટ્રેડમાર્ક અને લોગોનો ગેરકાયદેસર ઉપયોગ કરીને ગ્રાહકોને છેતરવામાં આવી રહ્યા હતા.

સસ્તા અને ગુણવત્તાહીન તેલને બ્રાન્ડેડ ડબ્બાઓમાં ભરીને વેચવાથી લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે.

રખિયાલ પોલીસે ગુનો નોંધી આરોપી અમિત કુશવાહની કડક પૂછપરછ શરૂ કરી છે.

અમદાવાદના કોટ વિસ્તારમાં મોટી હોનારત

## ખાડિયા ચાર રસ્તા પાસે 3 માળનું મકાન પત્તાના મહેલની જેમ ધરાશાયી!

અમદાવાદ

અમદાવાદના ઐતિહાસિક કોટ વિસ્તાર ગણાતા ખાડિયામાં આજે એક અત્યંત કાળજું કંપાવી દે તેવી અને સનસનાટીભરી હોનારત સર્જાઈ છે.

ખાડિયા ચાર રસ્તા પાસે આવેલી પ્રખ્યાત 'માયાભાઈની બારી' વિસ્તારમાં એક જર્જરિત ત્રણ માળનું મકાન અચાનક ધડાકાભેર જમીનદોસ્ત થઈ ગયું હતું. મકાન ધરાશાયી થતાં જ સમગ્ર વિસ્તારમાં ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં એક મહિલાનું કરૂણ મોત નિપજ્યું છે, જ્યારે અન્ય લોકોને સકુશળ બહાર કાઢી સારવાર અર્થે ખસેડાયા છે.

આ ત્રણ માળના મકાનમાં જુદા જુદા ફ્લોર પર અલગ-અલગ પરિવારો વસવાટ કરતા હતા.

દુર્ઘટના ઘટી ત્યારે ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા લોકો સદ્નસીબે ઘરની બહાર હતા, જેથી તેમનો આબાદ બચાવ થયો હતો.

પહેલા માળે ભાડુઆત તરીકે રહેતા ૨ વ્યક્તિઓ કાટમાળ નીચે દબાયા હતા, જેમને તાત્કાલિક બહાર કાઢીને ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

બીજા માળે સોનલબેન રાણા અને તેમના દીકરાના વહુ જાનવીબેન હાજર હતા. કાટમાળ નીચે ફસાયેલા જાનવીબેનને રેસ્ક્યૂ ટીમ દ્વારા સફળતાપૂર્વક બહાર કાઢી લેવાયા હતા.

તહેવારનો માહોલ હોવાથી પરિવારના અન્ય સભ્યો બહાર ગયા હતા, જેના કારણે મકાનમાં વધુ લોકો હાજર નહોતા. જો તમામ સભ્યો ઘરે હોત તો ખુબ મોટી જાનહાની સર્જાઈ શકી હોત.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરો, સ્થાનિક રહીશો અને મજૂરોની મદદથી યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ફસાયેલી મહિલાને બહાર કાઢવા માટે જેસીબી પહોંચી શકે તેમ ન હોવાથી હાથથી અને હથોડા વડે કાટમાળ તોડીને રસ્તો બનાવવામાં આવ્યો હતો.

ગુજરાત કોલેજના ગેટ પાસે કહ્યું-જીવતા જીવ મરી ગયા હોય તેવું લાગ્યું

## દીકરીને પરીક્ષા અપાવવા આજીજી કરતા વાલીને ધક્કો મારી બહાર કાઢ્યા

અમદાવાદ

અમદાવાદ સહિત દેશભરના વિવિધ પરીક્ષા કેન્દ્રો UPSC દ્વારા પરીક્ષાનું આયોજન કરાયું હતું. ડિફેન્સ સર્વિસમાં જોડાવવા માંગતા યુવાનો માટે નેશનલ ડિફેન્સ એકેડેમી(NDA) અને કમ્બાઉન્ડ ડિફેન્સ સર્વિસ(CDS) ની પરીક્ષાનું આયોજન કરાયું હતું. જોકે પરીક્ષા દરમિયાન ગુજરાત કોલેજ ખાતે આવેલા સેન્ટર પર વિવાદ સર્જાયો હતો. ગુજરાત કોલેજમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણ બિલ્ડિંગમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા સેન્ટર થોડા મોડા પહોચતા તેમને પરીક્ષા સેન્ટર પર પ્રવેશ આપવામાં આવ્યો નહતો. એક વાલીને શ્વાસની તકલીફ હોવાથી સેન્ટર પહોંચવામાં મોડું થઈ ગયું હતું. દીકરીને પરીક્ષા અપાવવા માટે વાલી કેમ મોડું થયું તે સાંભળવામાં આવે તેવી આજીજી કરતા રહ્યા હતા. રજૂઆત સાંભળ્યા બાદ યોગ્ય લાગે તો જવા દેવામાં આવે તેવી વિનંતી કરતા રહ્યા



પરંતુ તેમની દીકરીને પરીક્ષા સેન્ટર પર એન્ટ્રી ન આવતા અંતે નિરાશ થઈને જવું પડ્યું હતું. વાલી નિલેશ બારોટે જણાવ્યું હતું કે,જીવતા જીવ મરી ગયા હોય તેવું લાગ્યું. NDA-NA II માટે કુલ 394 જગ્યાઓ જાહેર કરવામાં આવી હતી. બીજી તરફ CDS-II 2026માં કુલ 451 જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ હતી. NDA-NA પરીક્ષા દ્વારા આર્મી, નેવી અને એરફોર્સમાં પ્રવેશ માટે જ્યારે CDS દ્વારા IMA, INA, એર ફોર્સ એકેડેમી અને ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં પ્રવેશ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે.

## સંક્ષીપ્ત સમાચાર

### જૈન પર્યુષણ મહાપર્વ નિમિત્તે અમદાવાદના પાલડીમાં રખડતા શ્વાનો માટે ૭૦ કિલો મગસ અને ચુરમાના લાડુનો થાળ ધરાવાયો!

જૈન ધર્મના પવિત્ર અને કરુણાથી છલોછલ એવા પર્યુષણ મહાપર્વ નિમિત્તે અમદાવાદના પાલડી વિસ્તારમાં જીવદયાનું એક અત્યંત અનોખું, ભાવુક અને પ્રેરણાદાયી ઉદાહરણ સામે આવ્યું છે. પાલડી ખાતે કાર્યરત 'અનમોલ એનિમલ હેલ્પ વેલ્ફેર સોસાયટી'ના ફાઉન્ડર અમી શાહ અને તેમના પિતા દેવેનભાઈ શાહ દ્વારા શેરીના નિરાધાર અને અબોલ શ્વાનો માટે એક વિશેષ કારુણ્ય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર પર્યુષણ પર્વ દરમિયાન જ્યાં જીવદયા, ક્ષમાપના અને તમામ જીવો પ્રત્યે સદભાવના રાખવાનો સંદેશ આપવામાં આવે છે, તેને સાર્થક કરતાં શાહ પરિવારે આસપાસના વિસ્તારોમાં રખડતા શ્વાનો માટે વિશેષરૂપે ૭૦ કિલો શુદ્ધ મગસ અને ચુરમાના લાડુ તૈયાર કરાવ્યા હતા.

### ઓઢવ પોલીસનો સપાટો: વાહનચોરીના રીઢા ગુનેગારને મુદ્દામાલ સાથે દબોચી લીધો

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં વધતા જતા વાહનચોરીના બનાવોને અટકાવવા અને ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવા માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ઓઢવ પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી સફળતા મેળવીને વાહનચોરીની ઘટનાઓમાં સંડોવાયેલા એક રીઢા ગુનેગાર (Habitual Offender) ને ઝડપી પાડ્યો છે. ઓઢવ પોલીસ સ્ટેશનના પીઆઈ અને તેમની સર્વેલન્સ ટીમ પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ટેકનિકલ સર્વેલન્સ અને ખાનગી હ્યુમન સોર્સ (બાતમીદારો) મારફતે ચોક્કસ વિગત મળી હતી કે, અગાઉ વાહનચોરીના અનેક બનાવોમાં સંડોવાયેલો અને ચોરીના વાહનની હેરાફેરી કરતો શંકાસ્પદ ઈસમ ઓઢવ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો છે.

### ₹10.11 લાખના ગાંજાના કમર્શિયલ જથ્થા સાથે મહારાષ્ટ્રનો ડ્રગ સ્મગલર ઝડપાયો

અમદાવાદ શહેરમાં યુવાધનને નશાના કાળા કારોબારમાં ધકેલતા ડ્રગ માફિયાઓ સામે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત સરકારે લાલ આંખ કરી છે. શહેરમાં અન્ય રાજ્યોમાંથી ચોરીછૂપીથી ઘૂસાડવામાં આવતા નશીલા પદાર્થોના નેટવર્કને નેસ્તનાબૂદ કરવા આપેલી સખત સૂચનાના પગલે વટવા પોલીસ સ્ટેશનની નારકોટિક્સ સ્ક્વોડે ધાકડ કામગીરી કરીને 10.11 લાખની કિંમતના ૨૦ કિલો ૨૨૦ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજાના કમર્શિયલ જથ્થા સાથે એક આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યો છે. અમદાવાદ સેક્ટર-૨ એડિશનલ પોલીસ કમિશ્નર જયપાલસિંહ રાઠોડ, ડીસીપી ઝોન-૮ મયુર પાટીલ તથા 'એન' ડિવિઝન એસીપી એન. કે. વ્યાસના માર્ગદર્શન હેઠળ વટવા પી.આઈ. એ. એ. વછેટાની ટીમે અસામાજિક તત્વો પર કડક વોચ ગોઠવી હતી.

### 22 વર્ષની સોફિયાની અશ્લીલ ચેટ વાયરલ થતાં ચાલુ બાઈકે હથોડાના ફટકા મારી પિશાચી હત્યા

સમાજમાં મોં બતાવવા જેવું નથી રહ્યું અને પરિવારની ઈજ્જત હવામાં ઊડી ગઈ છે તેવા ખોટા અહંકારમાં લોહી સંબંધો પર હાવી થઈ ગયું! અમદાવાદ શહેરને હચમચાવી મુકે તેવા એક અત્યંત ઘાતક અને કાળજું કંપાવી દે તેવા 'ઓનર કિલિંગ'ના ગુનાનો પર્દાફાશ થયો છે. 22 વર્ષની યુવતી સોફિયાની અશ્લીલ ચેટ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ક્રોધમાં અંધ બનેલા પિતા અને ભાઈએ કાવતરું રચીને પુત્રીની નિર્મમ હત્યા કરી નાખી. અરવલ્લી/અમદાવાદની 22 વર્ષીય સોફિયાની એક અંગત અને અશ્લીલ ચેટ અચાનક વાયરલ થઈ ગઈ હતી. સોશિયલ મીડિયામાં ચેટ વાયરલ થતાં જ પિતા અને ભાઈના માથા પર ખૂન સવાર થઈ ગયું હતું. ઈજ્જત જવાનો ડર એટલો ભયાનક હતો કે સગા બાપ અને સગા ભાઈએ મળીને પોતાની જ દીકરીને મોતને ઘાટ ઉતારવાનો એક પિશાચી પ્લાન ઘડી કાઢ્યો.

### ચર્ચ બહાર મહિલાનો છૂપો વીડિયો બનાવતા હવેલી પોલીસ સ્ટેશનનો પોલીસકર્મી ઝડપાયાનો આક્ષેપ!

જનતાની સુરક્ષા અને કાયદાનું પાલન કરાવવાની જેમના શિરે મુખ્ય જવાબદારી છે, તેવા પોલીસ તંત્રને શરમજનક સ્થિતિમાં મૂકે તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવતાં ભારે ખળભળાટ મચી ગયો છે. હવેલી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી વિજયભાઈ સલામ પોતાની મૂળ ફરજ બાજુ પર મૂકીને ચર્ચની બહાર ઉભેલી એક મહિલાનો છૂપી રીતે વીડિયો બનાવતા રંગેહાથ ઝડપાયા હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિકો અને પ્રત્યક્ષદર્શીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, હવેલી પોલીસ સ્ટેશનના કર્મચારી વિજયભાઈ સલામ ઘટનાસ્થળે બાઈક (નંબર: GJ 01 YS 1088) પર આવ્યા હતા. ચર્ચ બહાર ઉભેલી મહિલાનો વીડિયો ઉતારતી વખતે ત્યાં હાજર લોકોનું ધ્યાન જતાં જ હોબાળો મચી ગયો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI